વર્ષ : ૬ અંક : ૪,૫,૬

*ભાવયિત્રી ભાવયિતવ્યા ભવતિ !*
જનની જગતની પોષણની અધિકારી
(ઐતરેય ઉપનિષદ - ૨/૩)

# સહિયર ગોષ્ઠી




## મહિલા સંમેલન-2025

# પોષણ સંગમ કાર્યક્રમની ઝલક





























# સહિયર
## ગોષ્ઠી

**તંત્રી** : ડૉ. રણજીતકુમાર સિંહ

**સહતંત્રી** : જિજ્ઞાસા પંડયા

**સંપાદક** : ક્રિષ્ના વૈષ્ણાણી

**સહસંપાદક** : દીપ્તિ પરમાર

**પરામર્શ મંડળ** : અવંતિકા દરજી
મનીષા પટેલ
અમી પટેલ

**ઈ-મેઈલ** :
**icdswcdmagazine@gmail.com**

**તંત્રી વિભાગ**
‘સહિયર ગોષ્ઠી’ ત્રિમાસિક
કાર્યાલય,
કમિશનરશ્રી
મહિલા અને બાળવિકાસની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ
મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
મહિલા અને બાળવિકાસ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત
અને સરકારી ફોટોલીથો પ્રેસ,
અમદાવાદ દ્વારા મુદ્રિત

આપના વિસ્તારમાં મહિલા અને બાળવિકાસને લગતી કોઈ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ‘સહિયર ગોષ્ઠી’ ત્રિમાસિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ icdswcdmagazine@gmail.com ઈ-મેઈલ આઈડી ઉપર તસ્વીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ‘સહિયર ગોષ્ઠી’માં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.





| | |
|---|---|
| પોષણ સંગમ કાર્યક્રમનો રાજ્ય વ્યાપી શુભારંભ | 4 |
| મહિલા સંમેલન, ૨૦૨૫ | 14 |
| પોષણ પખવાડિયું રાજવ્યાપી શુભારંભ | 20 |
| આંગણવાડી પ્રવેશોત્સવ - ૨૦૨૫ | 29 |
| આંગણવાડી એટલે ગમ્મત સાથે જ્ઞાનનો ખજાનો | 33 |
| આંગણવાડી કેન્દ્રની પ્રશંસનીય કામગીરી | 36 |
| આંગણવાડીમાં નવીનતમ પહેલ | 38 |
| સંકલ્પ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના | 40 |
| 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના | 41 |
| ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન - સાફલ્ય ગાથા | 42 |
| વન સ્ટોપ સેન્ટર યોજના | 43 |
| મહિલા સહાયતા કેન્દ્ર યોજના | 44 |
| જેન્ડર રિસોર્સ સેન્ટરની તાલીમવિષયક કામગીરી | 45 |
| જાતિગત સંવેદનશીલતા અને આંગણવાડી સેવા યોજના વિષય પર તાલીમ | 45 |
| 'અહેસાસ ન્યાય કા સબ કે લિયે' અંતર્ગત કોર્ટના જજશ્રી અને કર્મચારીઓની તાલીમ | 48 |




પોષણ સંગમ કાર્યક્રમના રાજયવ્યાપી શુભારંભ કાર્યક્રમમાં 'પોષણ સંગમ' માર્ગદર્શિકાનું અનાવરણ

# પોષણ સંગમ કાર્યક્રમનો રાજ્યવ્યાપી શુભારંભ



તમામ જિલ્લાઓ તથા કોર્પોરેશનમાં પોષણ સંગમ કાર્યક્રમ એકસાથે અમલીકરણ કરવામાં આવી રહ્યો છે. પોષણ સંગમ કાર્યક્રમનો રાજયવ્યાપી શુભારંભ માન. મંત્રીશ્રી મહિલા અને બાળકલ્યાણ શ્રીમતી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં માન. મંત્રીશ્રીએ પોતાના ઉદ્બોધનમાં સી-મેમ કાર્યક્રમના અમલીકરણના ૧૦ પગલાંઓ કાર્યક્રમના સ્થળે પ્રદર્શિત કરવામાં



પોષણ સંગમ કાર્યક્રમના રાજયવ્યાપી શુભારંભ કાર્યક્રમમાં 'પોષણ સંગમ-૧' (EGF) કાર્ડનું અનાવરણ

આવેલા વિવિધ સ્ટોલની મુલાકાત દરમ્યાન આંગણવાડી કાર્યકરો દ્વારા સી-મેમ કાર્યક્રમનાં વિવિધ પગલાંઓ વિશે સાંભળીને માન. મંત્રીશ્રી પ્રભાવિત થયાં હતાં. બાળકોને ખવડાવવા માટે કે શાંત કરવા માટે આજ-કાલ માતા-પિતા તથા વાલીઓ દ્વારા મોબાઇલ આપી દેવામાં આવે છે અને બહારના ખોરાકનાં પડીકાંઓ ખવડાવે છે તે બંધ કરવા સૌને આ તબક્કે તેઓએ હાકલ કરી હતી. કાર્યક્રમનું પ્રસારણ યુ-ટ્યુબના માધ્યમથી લાઇવ કરવામાં આવેલું હતું

વધુમાં માન. મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું કે, રાજ્યનાં તમામ બાળકોને તંદુરસ્ત બનાવવાના અભિયાનમાં 'પોષણ સંગમ' કાર્યક્રમ માઈલસ્ટોન સાબિત થશે. પોષણને માત્ર ખોરાક જ નહીં, પરંતુ જીવનશૈલી બનાવવાની જરૂર છે. બાળકોને સુપોષિત બનાવવામાં સામૂહિક રીતે સમુદાયમાં સંકલિત પ્રયાસો કરવા પણ એટલા જ જરૂરી છે. યોગ્ય પોષણ, જરૂરી કાળજી અને સમયે સારવાર થકી ગુજરાતને સુપોષિત બનાવી શકાશે. 'પોષણ સંગમ' કાર્યક્રમ અંગે જણાવ્યું હતું કે, મહિલા અને બાળવિકાસ વિભાગ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત પ્રયાસોથી અતિગંભીર કુપોષિત બાળકો માટે સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેને રાજ્ય સરકાર દ્વારા 'પોષણ સંગમ' નામ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યનાં ૬ વર્ષ સુધીનાં તમામ બાળકોનું નિયમિત રીતે વજન-ઊંચાઇ માપન, ભૂખ પરીક્ષણ, તબીબી ચકાસણી અને તેના આધારે યોગ્ય સ્તરે પોષણ અને આરોગ્યવિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવી, અતિ કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટે ઝૂંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવી રહી છે.

પોષણ સંગમ કાર્યક્રમની કામગીરીને બિરદાવતાં મંત્રીશ્રીએ કહ્યું હતું કે, પોષણ સંગમ કાર્યક્રમ





પોષણ સંગમ કાર્યક્રમના રાજ્યવ્યાપી શુભારંભ કાર્યક્રમમાં 'પોષણ સંગમ-૨' (C-MAM) કાર્ડનું અનાવરણ



પોષણ સંગમ કાર્યક્રમના રાજ્યવ્યાપી શુભારંભ કાર્યક્રમમાં બાલશક્તિ કાર્ડનું અનાવરણ

અંતર્ગત નાની ઉંમરનાં બાળકોમાં થતી વૃદ્ધિને લગતી સમસ્યાના રેકોર્ડ રાખવા માટે ૬ માસ સુધીનાં તમામ બાળકો માટે ૧૨.૭૪ લાખ જેટલા EGF (અર્લી ગ્રોથ ફોલ્ટરિંગ) કાર્ડ તમામ આંગણવાડી કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યાં છે. પોષણ સંગમ કાર્યક્રમની માર્ગદર્શિકાની ૫૫,૭૦૦ કોપી તમામ આંગણવાડી કેન્દ્રો, મુખ્યસેવિકાઓ, ઘટક કચેરીઓ તથા જિલ્લા કચેરીઓને પણ પહોંચાડવામાં આવી છે.

આ ઉપરાંત, પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત અતિ ગંભીર કુપોષિત (SAM) બાળકો કે જેઓને સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM) કાર્યક્રમમાં દાખલ કરવામાં આવશે, તેવાં ૬ માસથી ૫ વર્ષ સુધીનાં બાળકોના રેકોર્ડ માટે તથા પોષણ સંગમ કાર્યક્રમમાં વાલીઓની ભાગીદારી વધે અને માતા-પિતા દ્વારા બાળકના ખોરાકનું ધ્યાન રાખી શકાય તે માટે ૧૧.૧૫ લાખ 'પોષણ સંગમ-૨' (C-MAM કાર્ડ) તથા ૧૧.૧૫ લાખ બાલશક્તિ (પેરેન્ટ) કાર્ડ તમામ આંગણવાડી કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યાં છે, તેમ મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

# પોષણ સંગમ કાર્યક્રમ

અતિ ગંભીર કુપોષિત (Severe Acute Malnutrition - SAM) બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન (Community Based Management of Acute Malnutrition) માટે મહિલા અને બાળવિકાસ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય ભારત સરકાર દ્વારા સંયુક્ત રીતે ''પ્રોટોકોલ ફોર મેનેજમેન્ટ ઓફ માલન્યુટ્રિશન ઇન ચિલ્ડ્રન'' બહાર પાડવામાં આવેલો છે. જેના આધારે ગુજરાત સરકાર દ્વારા વર્ષ, ૨૦૨૫-૨૬ દરમ્યાન 'પોષણ સંગમ' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. પોષણ સંગમ કાર્યક્રમને C-MAM કાર્યક્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે.




પોષણ સંગમ કાર્યક્રમ આંગણવાડી સ્તરે કુપોષિત બાળકોની ઓળખ અને વ્યવસ્થાપન માટે વિગતવાર પગલાં પૂરાં પાડે છે, જેમાં રેફરલ, પોષણ વ્યવસ્થાપન અને ફોલો-અપ સંભાળ અંગે નિર્ણય લેવાનો સમાવેશ થાય છે. પ્રોટોકોલમાં સમજાવવામાં આવેલાં મુખ્ય પગલાંઓમાં, ગ્રોથ મોનિટરિંગ અને સ્ક્રિનિંગ, SAM બાળકો માટે ભૂખ પરીક્ષણ, તબીબી મૂલ્યાંકન, સંભાળના સ્તર અંગે નિર્ણય લેવા, પોષણ વ્યવસ્થાપન, તબીબી વ્યવસ્થાપન, પોષણ, આરોગ્ય શિક્ષણ અને પરામર્શ સહિત, ગૃહ મુલાકાતનો સમાવેશ થાય છે.

અતિગંભીર કુપોષિત (SAM) બાળકોમાં સામાન્ય પોષણની સ્થિતિ ધરાવતાં બાળકોનાં પ્રમાણમાં રોગથી મૃત્યુ થવાની શક્યતા ૯ ગણી વધારે હોય છે. તેથી, બાળકોમાં કુપોષણને રોકવા માટે, રાજ્યમાં સંકલિત પ્રયાસો કરવા જરૂરી છે. અતિગંભીર કુપોષિત બાળકોની સંસ્થાકીય સ્તરે સારવાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલા બાળ સેવા કેન્દ્ર (CMTC) અને સિવિલ હોસ્પિટલોમાં આવેલા બાળ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે કરવામાં આવે છે.

પરંતુ કુલ SAM બાળકો પૈકી ફક્ત ૧૦-૧૫% બાળકોને જ સંસ્થાકીય (CMTC & NRC) સારવારની જરૂર હોય છે, જયારે



## વર્કશોપની ઝલક : ગાંધીનગર જિલ્લો






બાકી રહેલાં ૮૫-૯૦% અતિગંભીર કુપોષિત બાળકો કે જેઓ તબીબી જટિલતા ધરાવતાં નથી તેમને સામુદાયિક સ્તરે જરૂરીપોષણ સેવાઓ તથા દવાઓ અને સૂક્ષ્મ પોષક તત્ત્વો ઉપલબ્ધ કરાવી સામાન્ય સ્થિતિમાં લાવી શકાય છે. આમ, SAM બાળકોને સમયમર્યાદામાં વિશેષ પોષણ, કાળજી અને આરોગ્યની સારવાર સાથે ફોલો-અપ સેવાઓ મળી રહે તો તેમને તંદુરસ્ત બનાવી શકાય છે.

આ બાબતને ધ્યાનમાં લેતાં મહિલા અને બાળ-વિકાસ વિભાગ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંકલનથી અતિગંભીર કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જેને રાજ્ય સરકાર દ્વારા ''પોષણ સંગમ'' નામ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યનાં ૦ થી ૫ વર્ષનાં તમામ બાળકોનું નિયમિત રીતે વજન/ઉંચાઇ માપન, ભૂખ પરીક્ષણ, તબીબી ચકાસણી અને તેના આધારે યોગ્ય સ્તરે પોષણ અને આરોગ્યવિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવી, SAM બાળકોને સુપોષિત કરવા માટે ઝૂંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવે છે.

ઉક્ત પોષણ સંગમ કાર્યક્રમના અમલીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ/કન્સલટન્ટશ્રીઓ, વિભાગીય નાયબ નિયામકશ્રીઓ (આરોગ્ય વિભાગ), વિભાગીય નાયબ નિયામકશ્રીઓ (આઇસીડીએસ) અને જિલ્લા/કોર્પો.ના આઇસીડીએસના તમામ પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ તથા તમામ જિલ્લા/કોર્પો.ના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓનો એક દિવસીય ઓરિએન્ટેશન વર્કશોપ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (જીએનએલયુ) ગાંધીનગર ખાતે કરવામાં આવેલો.

આ પોષણ સંગમ કાર્યક્રમનું જિલ્લામાં અમલીકરણ કરવા માટે જિલ્લા કક્ષાના આઇસીડીએસ અને આરોગ્યના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને રાજ્ય કક્ષાના માસ્ટર ટ્રેનર્સ (૧૬૭) તરીકે પાંચ બેચમાં બે દિવસની નિવાસીય તાલીમ યુનિસેફની તકનિકી અને નાણાંકીય મદદથી આપવામાં આવેલી છે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં ત્રણ તબક્કામાં જિલ્લા અને ઘટક/સેજા કક્ષાના તમામ કર્મચારીઓની તાલીમ પૂર્ણ કરવામાં આવેલી છે. રાજ્ય કક્ષાએથી અધિકારીશ્રીઓના ફિલ્ડ વિઝિટના પ્રતિભાવો અને નિરીક્ષણના આધારે C-MAM/EGF કાર્યક્રમની રિફ્રેશર તાલીમની જરૂરિયાત જણાતા તમામ જિલ્લાઓમાં પ્રોગ્રામ ઓફિસરશ્રી, સીડીપીઓ, મુખ્યસેવિકા,

ડિસ્ટ્રિક્ટ કોvizit- ઓર્ડિનેટર (DC-NNM), બ્લોક કો-ઓર્ડિનેટર (BC-NNM), ડિસ્ટ્રિક્ટ પૂર્ણા કન્સલટન્ટ, ડિસ્ટ્રિક્ટ PSE ઈન્સ્ટ્રક્ટર, બ્લોક PSE ઈન્સ્ટ્રક્ટર, બ્લોક ન્યૂટ્રિશન મેનેજર, CDHO શ્રી તથા RCHO શ્રી ને તાલીમ આપવામાં આવેલી છે. આમ, સમગ્ર રાજ્યમાં ફિલ્ડ લેવલ સુધી આ રિફ્રેશર તાલીમો પૂર્ણ કરવામાં આવેલી છે.

સમુદાય-આધારિત અતિ ગંભીર કુપોષણ વ્યવસ્થાપન (CMAM), એ એક જાહેર આરોગ્યની વ્યૂહરચના છે જેનો ઉદ્દેશ્ય પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોમાં અતિ ગંભીર કુપોષણ (ખાસ કરીને - SAM અને મધ્યમ ગંભીર કુપોષણ - MAM) ને ઓળખવા, સારવાર આપવા અને અટકાવવાનો છે, આ CMAM કાર્યક્રમ હેઠળ મુખ્યત્વે સમુદાય સ્તરે પૂરી પાડવામાં આવતી મુખ્ય સેવાઓ નીચે મુજબ છે:

**૧. સ્ક્રીનિંગ અને સમુદાય સંપર્ક**

- વૃદ્ધિ દેખરેખ - દર મહિને ૦-૫ વર્ષનાં તમામ બાળકોનું વજન, લંબાઇ અથવા ઊંચાઈનું સ્ક્રીનિંગ કરી, SAM બાળકોની ઓળખ.
- આંગણવાડી કાર્યકરો (AWWs), ASHAs અને ANMs દ્વારા ગૃહ મુલાકાત.
- પોષણ, સ્વચ્છતા અને શિશુ/નાનાં બાળકોને ખોરાક પ્રથાઓ (IYCF) પર જાગૃતિ.
- SAM/MAM બાળકોની ઓળખ અને યોગ્ય સેવાઓ માટે રેફરલ.

**૨. સમુદાય-આધારિત સંભાળ**

- કોઇપણ જાતની તબીબી જટિલતાઓ ન હોય તેવા SAM બાળકોનું સમુદાય આધારિત વ્યવસ્થાપન
- સ્થાનિક રીતે તૈયાર કરેલા ટેક-હોમ રાશન (THR) દ્વારા જરૂરી કેલરી, પ્રોટીન મળી રહે તેવા પૌષ્ટિક ખોરાકની જોગવાઈ.
- સૂક્ષ્મ પોષકતત્ત્વો (દા.ત., વિટામિન A, આયર્ન-ફોલિક એસિડ).
- નિયમિત ફોલો-અપ અને વૃદ્ધિ દેખરેખ.

**3. તબીબી જટિલતાઓ ધરાવતાં બાળકો માટે રેફરલ અને સુવિધા-આધારિત સંભાળ**

- તબીબી જટિલતાઓ ધરાવતાં બાળકો (જે ભૂખ પરીક્ષણમાં નિષ્ફળ જાય છે અથવા અન્ય કોઇ ચેપના ચિહ્નો દર્શાવે છે) ને CMTC/NRC ખાતે સુવિધા આધારિત કેન્દ્રોમાં રેફરલ.
- CMTC/NRC ખાતે સારવારમાં તબીબી સંભાળ, ઉપચારાત્મક ખોરાક અને પોષણ પરામર્શનો સમાવેશ થાય છે.

**4. ફોલો-અપ**



વર્કશોપની ઝલક : અરવલ્લી જિલ્લો



વર્કશોપની ઝલક : સાબરકાંઠા જિલ્લો



વર્કશોપની ઝલક : આણંદ જિલ્લો



વર્કશોપની ઝલક : મોરબી જિલ્લો

- CMTC/NRCમાંથી રજા આપેલાં બાળકોને CMAM કાર્યક્રમમાં દાખલ કરી, જરૂરી આરોગ્ય અને પોષણ સેવાઓ તથા બાળક ફરીથી SAM ન થાય તે માટે સમુદાય સ્તરે સતત ફોલો-અપ.
- ખોરાક આપવાની યોગ્ય પદ્ધતિઓ, સ્વચ્છતા અને રસીકરણ જેવા મુદ્દાઓ અંગે કાઉન્સેલિંગ.

**5. ક્ષમતાવર્ધન**

- AWWs, ASHAs, ANMs જેવા ફ્રન્ટલાઈન કાર્યકરોને CMAM પ્રોટોકોલ, વૃદ્ધિ દેખરેખ, પરામર્શ અને રેફરલ પદ્ધતિઓ વિશેની તાલીમ.

**6. અન્ય વિભાગો / કાર્યક્રમો સાથે કન્વર્ઝન્સ**

- આરોગ્ય વિભાગ સાથે બાળકોના મેડિકલ સ્ક્રીનિંગ, રેફરલ, તથા દવાઓ અને સૂક્ષ્મ પોષક તત્ત્વો તથા ફોલોઅપ અને કાઉન્સેલિંગ જેવી સેવાઓ માટે ઘનિષ્ઠ સંકલન.
- પોષણ અભિયાન, ICDS, રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK), જનની સુરક્ષા યોજના (JSY) અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY) હેઠળ સેવાઓ સાથે લિંક કરવું.

જિલ્લાઓમાં કાર્યક્રમનું સુચારુરૂપે અમલીકરણ શરૂ થાય, આઇસીડીએસ અને આરોગ્ય વિભાગના આ કામગીરી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ વચ્ચે પરસ્પર સંકલન થાય અને કામગીરીની સમીક્ષા થાય તે હેતુથી જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં અને રાજ્ય કક્ષાના અધિકારીશ્રીઓની અધ્યક્ષતામાં પોષણ સંગમ વર્કશોપનું તમામ જિલ્લા અને કોર્પો.માં આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો એક ઉદ્દેશ, સહભાગીઓને સમુદાયમાં અતિ ગંભીર કુપોષણનું અસરકારક રીતે વ્યવસ્થાપન અને સારવાર કરવા માટે જ્ઞાન અને કુશળતાથી સજ્જ કરવાનો પણ હતો. આ વર્કશોપમાં પોષણ સંગમ કાર્યક્રમનાં ૧૦ પગલાં અને આઇસીડીએસની વિવિધ સેવાઓ વિશે સ્ટોલ, સ્ટેન્ડિઝ, બેનર વગેરે તૈયાર કરી ઉપસ્થિત અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓને સરળતાથી સમજ મળે તેવી વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. રાજય કક્ષાએથી ઉપસ્થિત રહેલા અધિકારીશ્રીઓએ જે-તે જિલ્લામાં તે જિલ્લાની પોષણ સ્થિતિ વિશે પ્રેઝન્ટેશન રજૂ કરી, તેઓને માહિતગાર કર્યા હતા અને પોષણ સંગમ કાર્યક્રમની અગત્યતા સમજાવી હતી. હાલના તબક્કે કુલ ૨૫ જિલ્લા અને કોર્પો.માં આ વર્કશોપ પૂર્ણ કરવામાં આવેલી છે. બાકીના જિલ્લા અને કોર્પો.માં આગામી દિવસોમાં આ વર્કશોપ પૂર્ણ કરવામાં આવનાર છે.



વર્કશોપની ઝલક : ભાવનગર જિલ્લો



વર્કશોપની ઝલક : બોટાદ જિલ્લો



વર્કશોપની ઝલક : ડાંગ જિલ્લો



વર્કશોપની ઝલક : ગીર સોમનાથ જિલ્લો




વર્કશોપની ઝલક : જામનગર જિલ્લો



વર્કશોપની ઝલક : પોરબંદર જિલ્લો



વર્કશોપની ઝલક : કચ્છ જિલ્લો



વર્કશોપની ઝલક : રાજકોટ જિલ્લો



વર્કશોપની ઝલક : ખેડા જિલ્લો



વર્કશોપની ઝલક : નવસારી જિલ્લો




# દેશના વિકાસનો આધારસ્તંભ સશક્ત અને સક્ષમ મહિલાઓ: મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયા

## ગુજરાતની વિકાસયાત્રા નારીશક્તિના બળ થકી વધુ વેગવાન બનશે: મંત્રીશ્રી




દેશના વિકાસનો આધારસ્તંભ સશક્ત અને સક્ષમ મહિલાઓ છે તેમ જણાવતાં મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાએ કહ્યું હતું કે, ગુજરાતે શરૂ કરેલી વિકાસયાત્રા નારી શક્તિના બળ થકી વધુ વેગવાન બનશે. સુપોષિત ગુજરાત બનાવવાની દિશામાં દરેક આંગણવાડી કાર્યકરની મહત્ત્વની ભૂમિકા રહેલી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે દીકરીઓ, યુવતીઓ અને મહિલાઓનો પોષણ અને સર્વાંગી વિકાસ સર્વોપરી છે. તેમણે "નારી શક્તિથી રાષ્ટ્રનિર્માણ"ના દૃઢ નિશ્ચયને સાર્થક કરવાની શરૂઆત




## ગાંધીનગર ખાતે મહિલા અને બાળ-કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને “મહિલા સંમેલન” યોજાયું

ગુજરાતથી કરી હતી. તેમના આ દઢ સંકલ્પને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાના હેતુથી ગાંધીનગર ખાતે મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને “મહિલા સંમેલન”નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે રૂ. ૪૮ લાખના ખર્ચે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટર ખેડાનું ઈ લોકાર્પણ અને GSPC ના CSR ભંડોળ હેઠળ લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીના ઉપયોગ કરીને દાહોદ, કરાઈ અને ખટામ ખાતે બનાવેલાં ત્રણ આંગણવાડીકેન્દ્રનું ઈ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓના ઉત્સાહને જોઈને મને વધુ ઊર્જા મળી રહી છે તેમ જણાવતાં માન. મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, તમારા સૌના સહિયારા પ્રયાસ થકી રાજ્યને સુપોષિત બનાવી શકાશે. આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા THRના ઉપયોગ થકી સુપોષિત





ગુજરાતનો લક્ષ્ય સાકાર થઈ રહ્યો છે.

મહિલા સંમેલનમાં સન્માનિત થનાર સૌ બહેનોને અભિનંદન પાઠવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આંગણવાડીઓમાં નાનાં ભૂલકાંઓને ગમ્મત સાથે જ્ઞાન તથા પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. બાળકોના પાયાના શિક્ષણને મજબૂત બનાવવામાં મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર બહેનોનો સિંહફાળો રહેલો છે. તેમની આ શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે માતા યશોદા એવોર્ડથી પ્રોત્સાહિત કરવામાં આવે છે.

મહિલાઓને રાજ્યના સર્વાંગી વિકાસમાં હિસ્સો મળી રહે તેવા ઉમદા હેતુથી ગુજરાત સરકાર

## સખી વન સ્ટોપ સેન્ટર - ખેડાનું અને લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ ટેક્નોલોજીના ઉપયોગથી કરાઈ, દાહોદ અને ખટામ ખાતે બનાવેલી ત્રણ આંગણવાડીકેન્દ્રનું મંત્રીશ્રીના હસ્તે ઈ લોકાર્પણ

દ્વારા મહિલાઓના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને શ્રેષ્ઠ મહિલા કાર્યકરને ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મહિલા અને બાળવિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને મહિલા અને બાળવિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના માર્ગદર્શનમાં પોષણ ઉત્સવની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યમાં આજે ૩.૫ લાખથી વધુ લાભાર્થીઓએ પોષણ ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહિલા સંમેલનમાં ICDS કમિશનર શ્રી રણજીતકુમારે સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર વિતરણ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમનું વિતરણ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજનાનાં મંજૂરી હુકમ મંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનાં મંજૂરી હુકમનું વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાનાં મંજૂરી ચેકનું વિતરણ, માતા યશોદા એવોર્ડ વિતરણ, પોષણ ઉત્સવ વાનગી સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ વિતરણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલા કલ્યાણ નિયામકશ્રી પુષ્પા નિનામા દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, આઈ.સી.ડી.એસના સંયુક્ત નિયામક શ્રી અવંતિકા દરજી, ડે. કમિશનર શ્રી મનીષાબેન પટેલ, મિશન ડાયરેક્ટર શ્રી જિજ્ઞાસા પંડ્યા, જીઆરસી નિયામકશ્રી અમીબેન પટેલ સહિત મહિલા અને બાળવિકાસ વિભાગના અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકરો હાજર રહ્યા હતા.

# માતા યશોદા એવોર્ડ, 22-23



ગુજરાત રાજ્યનાં નાનાં ભૂલકાંઓના સુખાકારી આરોગ્ય માટે પૂરક પોષણની સેવા પ્રદાન કરવા તેમજ પૂર્વ પ્રાથમિક શિક્ષણ બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે મહત્ત્વનો પાયો છે, ત્યારે આંગણવાડીઓમાં આવતાં નાનાં ભૂલકાંઓને જ્ઞાન સાથે ગમ્મત પ્રદાન કરી પાયાના શિક્ષણને મજબૂત બનાવવામાં સિંહફાળો આપનાર મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર બહેનોની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે આપવામાં આવતા રાજ્યકક્ષાના “માતા યશોદા એવોર્ડ” અંગે તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ રાજ્યના ચાર ઝોન પૈકી દરેક ઝોનમાંથી એક મુખ્યસેવિકા, એક આંગણવાડી કાર્યકર અને એક આંગણવાડી તેડાગરને એવોર્ડ, મોમેન્ટો, પ્રમાણપત્ર તેમજ પુરસ્કૃત રકમ આપી સન્માનિત કરવામાં આવ્યા.




| | |
|---|---|
| મુખ્ય સેવિકા | રૂ. ૬૧૦૦૦/- |
| આંગણવાડી કાર્યકર | રૂ. ૫૧૦૦૦/- |
| આંગણવાડી તેડાગર | રૂ. ૩૧૦૦૦/- |

મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પોષણ ઉત્સવ-૨૦૨૪ શ્રીમતી ભાનુબેન બાબરિયા માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળકલ્યાણ, ગુજરાત રાજ્યના વરદ્હસ્તે ટેક હોમ રાશન અને મિલેટ (શ્રી અન્ન) માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગી સ્પર્ધાનો ગાંધીનગર ખાતેથી તા.૧૯/૧૨/૨૦૨૪ના રોજ રાજ્યવ્યાપી શુભારંભ કરેલા. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી ગૌરાંગ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મહિલા અને બાળકલ્યાણની સમિતિના ચેરમેન શ્રી હેમાબેન ભટ્ટ, ICDS પ્રભાગના અધિકારી - કર્મચારીઓ તેમજ યોજનાના લાભાર્થીઓ હાજર રહ્યાં હતાં.

રાજ્યભરમાં ‘ટેક હોમ રાશન’ અને ‘શ્રી અન્ન’માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓ બનાવવાની સ્પર્ધાની સેજા કક્ષાએ/ઘટક કક્ષાએ અને જિલ્લા/કોર્પોરેશન/ઝોન કક્ષાએ ઉજવણી કરી, દરેક ઝોનમાંથી ૬ વિજેતા એમ કુલ ૨૪ વિજેતાઓને રાજ્ય કક્ષાએ ‘ટેક હોમ રાશન’ અને ‘શ્રી અન્ન’માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓ બનાવવાની સ્પર્ધાનું આયોજન મહિલા સંમેલનમાં કરી જિલ્લા/કોર્પોરેશનમાં પ્રથમ, દ્વિતીય અને તૃત્તીય નંબર મેળવેલા વિજેતાઓને પ્રમાણપત્ર આપવામાં આવેલ.

| ક્રમ | જિલ્લા/કોર્પોરેશન | ક્રમાંક (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) | જિલ્લા/કોર્પોરેશનનું નામ | આંગણવાડી કાર્યકરનું નામ | ટી.એચ.આરમાંથી વાનગીનું નામ |
|---|---|---|---|---|---|
| 1 | ગ્રામ્ય જિલ્લાનું નામ | પ્રથમ | જામનગર | સીતાબા ગોહિલ | પૂર્ણાશક્તિ થાબડી દૂધ |
| 2 | | દ્વિત્તીય | ડાંગ | ભાવિકાબેન ગાવિત | THR લોલીપોપ |
| 3 | | તૃત્તીય | વલસાડ | ઉપાસનાબેન ઠાકોર | વેજ કબાબ |
| 4 | કોર્પોરેશન જિલ્લાનું નામ | પ્રથમ | વડોદરા કોર્પોરેશન | પ્રીતિબેન કટારિયા | THR પ્લેટર |
| 5 | | દ્વિત્તીય | ભાવનગર કોર્પોરેશન | બંસીબેન ભીલ | બાલશક્તિ શેરેલેક |
| 6 | | તૃત્તીય | અમદાવાદ કોર્પોરેશન | ભાવનાબેન પરમાર | બાલશક્તિ આઈસ્ક્રીમ |
| ક્રમ | જિલ્લા/ કોર્પોરેશન | ક્રમાંક (પ્રથમ, દ્વિતીય, તૃત્તીય) | જિલ્લા/કોર્પોરેશનનું નામ | આંગણવાડી કાર્યકરનું નામ | મિલેટ (શ્રીઅન્ન) માંથી વાનગીનું નામ |
| 7 | ગ્રામ્ય જિલ્લાનું નામ | પ્રથમ | મહેસાણા | પ્રજાપતિ ગાયત્રીબેન | મિલેટ્સ થાળી |
| 8 | | દ્વિત્તીય | સુરત ગ્રામ્ય | ચંદ્રિકાબેન ડી. પટેલ | મિલેટ્સ થાળી |
| 9 | | તૃત્તીય | ભરૂચ | શબાનાબેન શાદિક બશેરી | રાગી મિલ્કશેક |
| 10 | કોર્પોરેશન જિલ્લાનું નામ | પ્રથમ | વડોદરા કોર્પોરેશન | પરમાર અનિતાબેન | મિલેટ્સ ચાટ |
| 11 | | દ્વિત્તીય | સુરત કોર્પોરેશન | રાવલ અલ્પાબેન | ફણગાવેલી બાજરીની સુખડી |
| 12 | | તૃત્તીય | ભાવનગર કોર્પોરેશન | મારુ શિલ્પાબેન લલિતભાઈ | રાગીની બરફી |



વિવિધ વિભાગોના નોડલ અધિકારીશ્રીઓ સાથે મિટીંગ
સંલગ્ન વિભાગોના નોડલ અધિકારીશ્રીઓ સાથે સચિવશ્રી, મહિલા અને બાળવિકાસની અધ્યક્ષતામાં મિટીંગ

# પોષણ પખવાડિયું, ૨૦૨૫

- મહિલા અને બાળકલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાની આગેવાનીમાં તા. ૮ થી ૨૨ એપ્રિલ, ૨૦૨૫ સુધી પોષણ પખવાડિયું-૨૦૨૫ ઉજવામાં આવ્યું
- પોષણ વ્યવસ્થાપન, તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન જેવાં વિવિધ પાંચ ક્ષેત્રોમાં પોષણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરાઈ
- વર્ષ, ૨૦૧૮થી શરૂ ૭ પોષણ માસ અને ૭ પોષણ પખવાડા દ્વારા, વિવિધ થીમ અંતર્ગત ૧૦૦ કરોડથી વધુ પોષણ-કેન્દ્રિત પ્રવૃત્તિઓ યોજાવામાં આવી
- પોષણ પખવાડિયા, ૨૦૨૫ અંતર્ગત રાજ્યભરમાં કુલ ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ યોજવામાં આવી

ગુજરાત સરકાર દ્વારા 'પોષણ અભિયાન' હેઠળ સ્વસ્થ અને સમૃદ્ધ સમાજના નિર્માણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાજ્યના દરેક નાગરિક, ખાસ કરીને બાળકો, સગર્ભા માતાઓ અને કિશોરીઓના




પોષણને સુનિશ્ચિત કરવા માટે નવીન અને પરિણામલક્ષી પગલાં લેવામાં આવી રહ્યાં છે. પોષણ અભિયાન માત્ર આરોગ્યલક્ષી નહીં, પરંતુ ગુજરાતની ભાવિ પેઢીને સશક્ત બનાવવાનું એક અભૂતપૂર્વ પગલું છે. સમાજના દરેક વર્ગ સુધી પોષણની પહોંચ સુનિશ્ચિત કરી, ગુજરાત સરકારે આ ક્ષેત્રે દેશભરમાં એક શ્રેષ્ઠતમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ''સહી પોષણ દેશ રોશન"ના આહવાનને ચરિતાર્થ કરવા રાજ્ય સરકારે પોષણલક્ષી અનેક નવતર આયામો હાથ ધર્યા છે. ભારતને કુપોષણ મુક્ત બનાવવાના સંકલ્પ સાથે દેશભરમાં દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં 'પોષણ પખવાડિયું' અને સપ્ટેમ્બર માસમાં 'રાષ્ટ્રીય પોષણ માહ' ઉજવવામાં આવે છે. આ અભિયાન પોષણક્ષમ આહાર તથા આરોગ્યપ્રદ ભારતના નિર્માણ તરફ સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. વર્ષ, ૨૦૧૮થી શરૂ કરવામાં આવેલા ૭ પોષણ માસ અને ૬ પોષણ પખવાડા દ્વારા, વિવિધ થીમ અંતર્ગત ૧૦૦ કરોડથી વધુ પોષણ-કેન્દ્રિત પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. જે સુપોષિત ભારત તરફ વિશાળ જનસમુદાયને સંવેદનશીલ બનાવવામાં પ્રેરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને મહિલા બાળકલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં કુપોષણને નાથવા, બાળકો અને મહિલાઓના પોષણસ્તરમાં સુધારો કરવાના

# પોષણ પખવાડિયાની ઉજવણીનો રાજ્યવ્યાપી શુભારંભ



પોષણ પખવાડિયાના શુભારંભ પ્રસંગે ઉદબોધન કરતા માન. સચિવશ્રી, મહિલા અને બાળવિકાસ વિભાગ



પોષણ પખવાડિયાના શુભારંભ પ્રસંગે અન્નપ્રાશન કરાવતા માન. મંત્રીશ્રી, મહિલા અને બાળવિકાસ વિભાગ

પોષણ પખવાડા-૨૦૨૫ની ઉજવણીનો રાજ્યવ્યાપી શુભારંભ માન. મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરિયા (મહિલા અને બાળકલ્યાણ વિભાગ તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ)ના વરદહસ્તે ટાઉનહોલ, ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના સ્વાગત પ્રવચનમાં કમિશનરશ્રી (આઇસીડીએસ) દ્વારા આ જનજાગૃતિ અભિયાનમાં સામેલ થવા તમામને હાકલ કરવામાં આવી હતી. આ તબક્કે તેઓએ આહારલક્ષી વૈવિધ્યતા ઉપર વિશેષ ભાર મૂક્યો હતો અને પેકેટવાળા ખોરાક ન ખાવા માટે જણાવ્યું હતું. કાર્યક્રમના પ્રાસંગિક ઉદબોધનમાં વિભાગના સચિવશ્રીએ કોમ્યુનિટી મોબિલાઇઝેશન તથા વિવિધ વિભાગો સાથેના કન્વર્ઝન્સ અને સંકલનથી પ્રવૃત્તિઓ કરવા જણાવ્યું હતું. અતિ ગંભીર કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યસ્થાપન કાર્યક્રમમાં પદાધિકારીઓને જોડાવા તેઓએ વધુમાં ઉમેર્યું હતું. સુપોષિત ગ્રામ પંચાયત, વિલેજ હેલ્થ સેનિટેશન એન્ડ ન્યુટ્રિશન કમિટી તથા આયુષ કલિનિક સાથે સંકલન કરી ગ્રામ્ય સ્તરે આંગણવાડી કાર્યકરે કામગીરી કરવી જોઇએ તેમ જણાવ્યું હતું.

હેતુથી અનેકવિધ નવતર પહેલો હાથ ધરવામાં આવી છે. મહિલા અને બાળવિકાસ વિભાગ, આરોગ્ય વિભાગ, સામુદાયિક ભાગીદારિતા એમ બહુવિધ આયામો દ્વારા કુપોષણ નિવારવા માટે સરકારશ્રી દ્વારા સક્રિય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### પોષણ પખવાડિયા અંતર્ગત રાજ્યભરમાં કુલ ૪૦.૮૩ લાખથી વધુ પોષણલક્ષી પ્રવૃત્તિઓ કરાવામાં આવી

ગુજરાતના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાની આગેવાનીમાં તા. ૮ થી ૨૨ એપ્રિલ, ૨૦૨૫ સુધી પોષણ પખવાડિયું ૨૦૨૫ ઉજવવામાં આવ્યું હતુ. પોષણ પખવાડિયા દરમિયાન નક્કી કરવામાં આવેલાં વિવિધ પાંચ ક્ષેત્રો અંતર્ગત રાજ્યભરમાં કુલ ૪૦,૮૩,૯૯૪ જેટલી પ્રવૃત્તિઓનું આયોજન કરી સમગ્ર ગુજરાતમાં પોષણ અને આરોગ્ય માટેની સારી આદતોને પ્રોત્સાહિત કરી છે.

### પોષણ પખવાડીયું ૨૦૨૫ માટે કુલ પાંચ મુખ્ય ક્ષેત્રો

આ વર્ષનાં પોષણ પખવાડિયા ૨૦૨૫ માટે કુલ પાંચ મુખ્ય ક્ષેત્રો નક્કી




**પોષણ પખવાડિયાના શુભારંભ પ્રસંગે બાળકૃતિ રજૂ કરતા આંગણવાડી કેન્દ્રનાં બાળકો**



**પોષણ પખવાડિયાના શુભારંભ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલા અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ**

પોષણ પખવાડા-૨૦૨૫ની ઉજવણીના શુભારંભ પ્રસંગે ઉદબોધન કરતાં માન. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આજના બાળકો એ આ દેશનું આવતીકાલનું ભાવિ છે, તેમના પોષણની ચિંતા તેઓને શ્રેષ્ઠ નાગરિક બનાવશે. સરગવાનું મહત્વ, તેના પાંદડા અને શીંગના ઉપયોગ તથા દરેક આંગણવાડી કેન્દ્રમાં કીચનગાર્ડન બનાવી સરગવો વાવવા માટે હાકલ કરી હતી. સરગવાના છોડ આંગણવાડી કેન્દ્રમાં વાવવા માટે વન વિભાગ તરફથી તમામ આંગણવાડીઓને મળી રહે તે માટે વન વિભાગને તેઓ તરફથી કરવામાં આવેલ રજૂઆતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આંગણવાડી કેન્દ્રોની માળખાકીય સુવિધાઓ, આંગણવાડી કેન્દ્રમાં યોજવામાં આવતો પ્રવેશોત્સવ, આંગણવાડી કેન્દ્રમાં બાળકોને આપવામાં આવતા નાસ્તાનું મેનૂ, પોષણ સલાડ વગેરે જેવી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી અને આ જનજાગૃતિ અભિયાનમાં જોડાવા માટે હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી તથા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્યશ્રી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્રોના બાળકો તથા કિશોરીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

કરવામાં આવ્યાં છે. જેમાં ગર્ભાવસ્થાથી બાળકના બીજા જન્મદિવસ સુધીના પ્રથમ ૧૦૦૦ દિવસના સમયગાળામાં યોગ્ય પોષણના મહત્ત્વ પર ભાર મૂકવો, સમુદાય આધારિત કાર્યક્રમ દ્વારા અતિ ગંભીર કુપોષણમાં સુધારણા માટે નક્કર કાર્યવાહી કરવી, બાળકોમાં સ્થૂળતાને અટકાવવા તંદુરસ્ત જીવનશૈલી અને ખોરાકની આદતો વિશે જાગૃતિ ફેલાવવી જેવા વિષયો પર કામગીરી કરવામાં આવી હતી.

આ ઉપરાંત, મોનિટરિંગ અને સેવા પહોંચાડવા માટે બેનિફિશિયરી મોડ્યૂલ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો પ્રચાર-પ્રસાર કરવો અને પરંપરાગત અને સ્થાનિક પોષણક્ષમ આહારને સ્વીકારવા માટે પ્રોત્સાહન આપવું જેવાં પાંચ ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યાં હતાં.

પોષણ પખવાડિયાની તૈયારી માટે સચિવશ્રી, મહિલા અને બાળવિકાસની અધ્યક્ષતામાં સંલગ્ન તમામ વિભાગોના પોષણ અભિયાનના નોડલ અધિકારીશ્રીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તમામ નોડલ અધિકારીશ્રીઓનું પોષણ પખવાડા-૨૦૨૫ માં હાથ

# પોષણ પખવાડિયા અંતર્ગત દૂરદર્શન (ડીડી ગિરનાર) પર કાર્યક્રમ




**પોષણ પખવાડિયા-૨૦૨૫ વિશે દૂરદર્શનના પ્રાયોજિત કાર્યક્રમમાં માહિતી આપતા વિભાગીય નાયબ નિયામકશ્રી, આઇસીડીએસ, અમદાવાદ ઝોન, સુશ્રી ઇલાબા રાણા તથા યુનિસેફ, ગુજરાતના ન્યુટ્રિશન કન્સલટન્ટ સુશ્રી સૌમ્યા દવે**

દૂરદર્શન (ડીડી ગિરનાર) પર પોષણ પખવાડિયા-૨૦૨૫ની થીમને ધ્યાનમાં રાખીને 'પોષણ પખવાડિયાની ઉજવણી' શીર્ષક હેઠળ પ્રાયોજિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તજજ્ઞો તરીકે સુશ્રી ઇલાબા રાણા, વિભાગીય નાયબ નિયામકશ્રી, આઇસીડીએસ, અમદાવાદ ઝોન તથા સુશ્રી સૌમ્યાબેન દવે, કન્સલટન્ટ, યુનિસેફ તરફથી ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં, સૌપ્રથમ પોષણ પખવાડિયા-૨૦૨૫ની થીમ વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં, ૧) બાળકના જન્મના પ્રથમ ૧૦૦૦ દિવસની કાળજી, ૨) પોષણ ટ્રેકર એપ્લીકેશનમાં નવું દાખલ કરવામાં આવેલ લાભાર્થી મોડ્યુલનો પ્રચાર-પ્રસાર, ૩) CMAM મોડ્યુલના અમલીકરણ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન અને ૪) બાળકોમાં સ્થૂળતાને બાબતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે સ્વસ્થ જીવનશૈલીનો સમાવેશ થાય છે.

દરેક થીમ વિશે વિશેષ ચર્ચા કરતાં તજજ્ઞોએ જણાવ્યું હતું કે, ૧૦૦૦ દિવસ એટલે બાળક માતાના ગર્ભમાં હોય ત્યારથી બાળક બે વર્ષનું થાય તે સમયગાળો ગણવામાં આવે છે. બાળકના જન્મના શરૂઆતના બે વર્ષ દરમ્યાન તેના મગજનો ઝડપથી વિકાસ થાય છે. તેથી આ સમયગાળા દરમ્યાન તેના પોષણ અને સ્વાસ્થ્યની કાળજી રાખવમાં આવે તો બાળકનો સર્વાંગી (ઓવરઓલ) વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે. આ બાબત બાળકના ભણતર અને તેની ભવિષ્યની ઉત્પાદકતા પર પણ અસર કરે છે. જેથી આ સમયગાળામાં સગર્ભાવસ્થાની જાણ થાય એટલે તરત જ નોંધણી, પ્રથમ ત્રિમાસીક ગાળામાં

ધરવામાં આવનાર થીમ અને પ્રવૃત્તિઓ બાબતે ઓરિએન્ટેશન કરવામાં આવ્યું હતું. વિવિધ વિભાગોના નોડલ અધિકારીશ્રીઓએ પોષણ પખવાડાની પ્રવૃત્તિઓ માટે તેમનું આયોજન પણ શેર કર્યું હતું.

## જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય (AWC) સ્તરની પ્રવૃત્તિઓ

પોષણ પખવાડા-૨૦૨૫ ની

આયર્ન-ફોલિકની ગોળી લેવી, સગર્ભાવસ્થા દરમ્યાન વજનમાં યોગ્ય વધારો થવો, જરૂરી દવાઓ તથા વિવિધ ખાદ્યજૂથોનો આહારમાં સમાવેશ કરવો, સંસ્થાકીય સુવાવડ, જન્મના એક કલાકમાં માતાનું ધાવણ બાળકને આપવું, બાળક છ માસનું થાય ત્યાં સુધિ માત્ર ને માત્ર સ્તનપાન કરાવવું, છ માસ બાદ બાળકને વિધિવત ઉપરી આહારની શરૂઆત અને ઉંમર પ્રમાણે આહારમાં વધારો કરવો વગેરે બાબતોનું ધ્યાન રાખવા જણાવવામાં આવ્યું હતું. સાથે-સાથે બાળકની ઉંમર પ્રમાણે યોગ્ય વૃદ્ધિ થઇ રહી છે કે કેમ તે જાણવા માટે ગ્રોથ મોનિટરિંગ અગત્યતા સમજાવવામાં આવી હતી.

પોષણ ટ્રેકર એપ્લિકેશનને નવી સુવિધાઓ, અહેવાલો અને સુધારાઓ સાથે સતત અપગ્રેડ કરવામાં આવી રહી છે. પાત્રતા ધરાવતા દરેક લાભાર્થીને સેવાઓનો લાભ મળે તે સુનિશ્ચિત કરવું એ પોષણ અભિયાનનો એક મહત્ત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે અને પોષણ ટ્રેકર એપ્લિકેશનને બધા લાભાર્થીઓ માટે સુલભ બનાવવાના પ્રયાસના ભાગરૂપે લાભાર્થી નોંધણી માટેનું ફોર્મ પોષણ ટ્રેકર વેબ એપ્લિકેશનમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. આ સુવિધાથી લાભાર્થી જાતે પોતાની નોંધણી કરી શકે છે.

સમુદાય સ્તરે કુપોષણ વ્યવસ્થાપન માટે આંગણવાડી પ્રોટોકોલ (CMAM પ્રોટોકોલ) વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આંગણવાડી સ્તરે કુપોષિત બાળકોની ઓળખ અને વ્યવસ્થાપન માટે વિગતવાર પગલાં પ્રદાન કરે છે, જેમાં રેફરલ, પોષણ વ્યવસ્થાપન અને ફોલો-અપ સંભાળ માટે નિર્ણય લેવાનો સમાવેશ થાય છે. પોષણ પખવાડા ૨૦૨૫માં આ પ્રોટોકોલ મુજબ બાળકોના વ્યવસ્થાપન પ્રત્યે સમુદાયોને સંવેદનશીલ બનાવવા અને CMAM વિશે જાગૃતિ લાવવા પર ભાર મુકાશે. આંગણવાડી કેન્દ્રોમાં હાથ ધરવામાં આવતાં ભૂખ પરીક્ષણો વધારવા, બાળકોના યોગ્ય રેફરલ્સ અને પોષણ ટ્રેકરમાં આ માહિતીને અપડેટ કરવા માટે પ્રયાસો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

બાળપણમાં બાળકોમાં જોવા મળતી સ્થૂળતા વિશે ચર્ચામાં જણાવવામાં આવ્યું હતું કે, આજે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તૂટી રહી છે, સંયુકત કુટુંબમાં બાળકોના ઉછેરમાં મદદ મળી રહેતી હતી. આજે સમયની જરૂરિયાત મુજબ માતા-પિતા બંનેએ કામ/નોકરી કરવાની જરૂરિયાત ઊભી થઇ છે અને આ કારણે સમયના અભાવે બાળકોને ઘરે બનાવેલો યોગ્ય ખોરાક આપી શકાતો નથી. બાળકો વધારે બહારનો ખોરાક ખાય છે, બાળકોમાં જંકફૂડનું સેવન, આઇસક્રીમ, ચીપ્સ વગેરે ખાવાનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત, બાળકોમાં બહારની રમતોનું પ્રમાણ ઘટી રહ્યું છે અને તેના બદલે બાળકો મોબાઇલમાં વધારે સમય પસાર કરે છે, કસરત, યોગ વગેરે થતું નથી એટલે બાળકોમાં સ્થૂળતા વધી રહી છે. બાળકોને તાજો વૈવિધ્યસભર આહાર તેમાંથી બચાવી શકે છે.

આ તબક્કે આઇસીડીએસ દ્વારા વિવિધ લાભાર્થી જૂથો માટે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ જેવી કે, પૂરક પોષણ યોજના (પૂર્ણાશક્તિ, માતૃશક્તિ અને બાલશક્તિ), દૂધ સંજીવની યોજના, પોષણ સુધા યોજના અને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના વગેરેની માહિતી આપવામાં આવી હતી. પોષણલક્ષી જાગૃતિ માટે વર્ષમાં બે વાર અનુક્રમે ' 'પોષણ માસ'' અને ' 'પોષણ પખવાડિયા'' ઉજવણી તથા દર મહિને ચાર મંગળ દિવસની ઉજવણી કરવામાં આવે છે તે અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઉજવણીના ભાગરૂપે, સમગ્ર પખવાડામાં તમામ જિલ્લાઓમાં જિલ્લા, તાલુકા અને આંગણવાડી કેન્દ્ર સ્તરે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કેટલાક જિલ્લાઓમાં વિવિધ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને ગ્રામ્ય કક્ષાના સરપંચો વગેરે આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા.



પોષણક્ષમ આહારની જાગૃતિ માટે સાયકલ રેલી



ગૃહ મુલાકાત અને વિવિધ વિષયો બાબતે કાઉન્સેલિંગ



સગર્ભા તથા કિશોરીઓના HB ટેસ્ટિંગ  કેમ્પ



બાળકો સાથે યોગને લગતી પ્રવૃત્તિઓ






બાળકના પ્રથમ ૧૦૦૦ દિવસની કાળજી બાબતે સગર્ભા માતાઓ અને કિશોરીઓને સમજ





સ્થૂળતાને અટકાવવા માટે તંદુરસ્ત જીવનશૈલી અને આહાર વિશે વીડિયો અને ફ્લો ચાર્ટથી કાઉન્સેલિંગ





'પોષણ ભી પઢાઇ ભી' અંતર્ગત રમત અને રમકડાં સાથે શિક્ષણની સમજ






ધાત્રી માતાઓની ગૃહ મુલાકાત અને મોબાઇલ વીડિયો દ્વારા કાઉન્સેલીંગ



કિશોરીઓ સાથે પોષણ અંગેની નિબંધ સ્પર્ધા અને ઇનામ વિતરણ



પોષણ એપ્લિકેશન લાભાર્થી મોડ્યુલનો પ્રચાર-પ્રસાર અને C-MAM મોડ્યુલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન



લાભાર્થીની ગૃહમુલાકાત દરમ્યાન ફ્લિપ બુક અને આઇએલએ મોડ્યુલના ટેકઅવે મટિરિયલનો ઉપયોગ

# આંગણવાડી પ્રવેશોત્સવ - ૨૦૨૫





આંગણવાડીમાં આપવામાં આવતું અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ બાળકને તેના ઔપચારિક (શાળાકીય) શિક્ષણ માટે તૈયાર કરે છે. આંગણવાડીમાં બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. આંગણવાડી સર્વે વિસ્તારનાં તમામ ૩ થી ૬ વર્ષનાં બાળકોનું આંગણવાડીમાં નામાંકન થાય તે જરૂરી છે. આ માટે વાલીઓ જાગૃત થાય, તેમને પ્રોત્સાહન મળે તેમજ બાળકો આનંદથી આંગણવાડીમાં આવે તે માટે આંગણવાડી પ્રવેશોત્સવનું આયોજન તા.૨૬ થી ૨૮ જૂન, ૨૦૨૫ દરમ્યાન કરવામાં આવેલું.

આ માટે રાજ્ય કક્ષાએથી



આંગણવાડી પ્રવેશોત્સવ કાર્યક્રમની પૂર્વતૈયારી માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને પ્રોગ્રામ ઓફિસરશ્રીને આ કાર્યક્રમના આયોજન માટેની ગાઈડલાઈન પૂરી પાડવામાં આવી. તેમજ તેમના દ્વારા મેયરશ્રી, જિલ્લા પ્રમુખશ્રી, કોર્પોરેટરશ્રી, તાલુકા પ્રમુખશ્રી અને સરપંચશ્રીને તેમના કાર્યક્ષેત્રના બાળકોનું આંગણવાડીમાં નામાંકન કરાવવા, પ્રચાર-પ્રસારમાં સહભાગી થવા અને કાર્યક્રમને સફળ બનાવવા આયોજન કરવામાં આવ્યું.

"પ્રોજેક્ટ પા પા પગલી" ના પી.એસ.ઈ. ઇન્સ્ટ્રક્ટરને ઘટક, સેજા અને આંગણવાડી કક્ષાએ સફળ આયોજન કરવા માટે રાજ્યકક્ષાએથી જરૂરી માર્ગદર્શન આપવા માટે તમામ જિલ્લા પી.એસ.ઈ. ઇન્સ્ટ્રક્ટર અને જિલ્લા પ્રોગ્રામ આસિસ્ટન્ટને વીડિયો કોન્ફરન્સ દ્વારા આંગણવાડી પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા માટેના આયોજન અંગે જાણકારી આપવામાં આવી. તેમજ કાર્યક્રમની પૂર્વતૈયારી રૂપે પ્રચાર-પ્રસાર, કાર્યક્રમના દિવસનું આયોજન અને ત્યારબાદ ફોલોઅપ કાર્ય માટે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું.

રાજ્ય કચેરીથી "પ્રોજેક્ટ પા પા પગલી" જિલ્લા ઇન્સ્ટ્રક્ટરને આંગણવાડી પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા માટેની પૂર્વતૈયારી અને આયોજન અંગે જાણકારી આપવામાં આવી. દરેક જિલ્લાના પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા સી.ડી.પી.ઓ.શ્રી, મુખ્યસેવિકા અને આંગણવાડી કાર્યકર, હેલ્પરબહેનને કાર્યક્રમના પ્રચાર-પ્રસાર અને આયોજન માટે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં શહેર અને ગામનાં જાહેર સ્થળોએ પ્રવેશોત્સવનાં હોર્ડિંગ્સ અને બેનરો પ્રદર્શિત કરવામાં આવ્યાં.

આંગણવાડી કાર્યકર અને પ્રોજેક્ટ પા પા પગલી ઇન્સ્ટ્રક્ટર દ્વારા ઘરે ઘરે જઈને પેમ્ફલેટ/લીફલેટ આપી ૩ વર્ષ પૂર્ણ કરેલાં બાળકોના વાલીઓને આંગણવાડીમાં નામાંકન કરાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. જાહેર સ્થળોએ પૂર્વ પ્રાથમિક શિક્ષણના મહત્ત્વને લગતાં ભીંતસૂત્રો લખવામાં આવ્યાં. આંગણવાડીના




ભીંતસૂત્રો અને રેલી દ્વારા પ્રચાર-પ્રસાર

બાળકો, આંગણવાડી કાર્યકર, હેલ્પર અને વાલીઓ દ્વારા સૂત્રો, નારા અને પોસ્ટરનો ઉપયોગ કરી જનજાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું.

૩ વર્ષ પૂર્ણ કરેલાં તમામ બાળકોનું આંગણવાડીમાં નામાંકન કરાવવા માટે આયોજનની રૂપરેખા મુજબ કામગીરી કરવામાં આવી. ઉજવણીના પ્રચાર-પ્રસાર માટે બાળકો દ્વારા તૈયાર કરેલી સુંદર મજાની આમંત્રણ પત્રિકાઓ અને સોશ્યલ મીડિયાના ઉપયોગ દ્વારા ઈ-આમંત્રણ વાલીઓ અને મહેમાનોને પાઠવવામાં આવ્યું.

આંગણવાડી પ્રવેશોત્સવના દિવસે આંગણવાડીને ફૂલ, તોરણ, રંગોળી, ફુગ્ગા અને રિબન દ્વારા સુશોભિત કરવામાં આવી. તેમજ બાળકોની કૂતુહલતા અને આકર્ષણ માટે વિવિધ સેલ્ફી પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા, જેમાં બાળકોએ પોતાની સેલ્ફી પણ લેવડાવી. પ્રવેશોત્સવના સ્થળ પર રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી પ્રિ-સ્કૂલ કિટની સાધન-સામગ્રીનું પ્રદર્શન કરવામાં આવ્યું.

બાળકોને ઘરેથી આંગણવાડી સુધી લાવવા માટે ફુગ્ગા, ફૂલ અને આસોપાલવનાં તોરણથી શણગારેલાં બાળકોની ટ્રાયસાઇકલ, વાલીની સાઇકલ, રીક્ષા, હાથલારી, બળદગાડું, ઊંટગાડી, ટ્રેક્ટર, સ્કૂટર, જીપ અને મોટરકાર જેવા વિવિધ ભૂલકાંરથમાં બેસાડી ઢોલ, નગારા સાથે વાજતે ગાજતે વાલીઓ અને ગામ સમુદાયના હર્ષોલ્લાસ સાથે લાવવામાં આવ્યા. બાળકોને જુદા જુદા પ્રકારની ટોપીઓ, સાફા અને







વેશભૂષા પહેરાવી આંગણવાડીમાં પ્રવેશ કરાવ્યો. વિશેષ કરીને બાળકોને કંકુતિલક, કંકુપગલાં અને કંકુથાપા કરાવી અનોખી રીતે બાળકોનું સ્વાગત કરવામાં આવ્યું.

ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, માન. મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરિયા (મહિલા અને બાળકલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ) દ્વારા આંગણવાડીનાં ૩ વર્ષ પૂર્ણ કરેલાં બાળકોને પ્રવેશ કરાવી, તેમને પ્રિ-સ્કૂલ સાહિત્ય આપી. બાળકો અને વાલીઓને પ્રોત્સાહિત કર્યા.

અધિકારી અને પદાધિકારીશ્રીઓ દ્વારા આ કાર્યક્રમમાં હાજર રહી બાળકોને રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલ પ્રિ-સ્કૂલ સાહિત્ય આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સાથે સાથે સમુદાયની લોકભાગીદારીથી બાળકોને સ્કૂલબેગ, લંચબોક્સ, વોટરબેગ, ચિત્રપોથી, મીણિયારંગ વગેરે આપવામાં આવ્યા.

આંગણવાડી પ્રવેશોત્સવની નવતર ઉજવણીના પરિણામ સ્વરૂપે રાજ્યના તમામ જિલ્લાઓની આંગણવાડીમાં તા-૨૬,૨૭,૨૮ જૂન-૨૦૨૫ દરમ્યાન ૩ વર્ષ પૂર્ણ કરેલાં બાળકોનું નામાંકન કરવામાં આવ્યું. આંગણવાડી પ્રવેશોત્સવ દરમ્યાન ૭૨૮૫૩ કુમાર અને ૬૯૧૩૩ કન્યા આમ, કુલ ૧૪૧૯૩૫ બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો.

# આંગણવાડી એટલે ગમ્મત સાથે જ્ઞાનનો ખજાનો





નાનું-મોટું

બાળકોમાં ગાણિતિક અને ભાષાકીય કૌશલ્ય વિકાસનો પાયો નખાય તે માટે નાનપણથી જ વિવિધ સંકલ્પના નાનું-મોટું, રંગ અને આકારની ઓળખ, અડધું-આખું, ગણતરી, આગળ-પાછળ, ઉપર-નીચે, વધારે-ઓછું, જાડું-પાતળું, જોડ બનાવવી, સરખી જોડ બનાવવી, ચડતો-ઊતરતો ક્રમ વગેરે શીખવવું ખૂબ જરૂરી છે. બાળકો વિવિધ પદ્ધતિ અને જુદી જુદી રીતે શીખે છે. આંગણવાડીમાં થીમેટિક અભ્યાસક્રમ મુજબ જુદી જુદી પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા વિવિધ સંકલ્પના શીખવવામાં આવે છે.

બાળકોને નાનું-મોટું, રંગ અને આકારની ઓળખ, જોડ બનાવવી, ગણતરી, પાણીમાં શું તરે-શું ડૂબે, પાણીમાં શું ઓગળે-ના ઓગળે, પાણીના ગુણધર્મો (પાણીનો આકાર, રંગ, સ્વાદની ઓળખ), સૂચનાનો અમલ કરવો વગેરે શીખવવા માટે આંગણવાડીમાં ઉપલબ્ધ અને સ્થાનિક રીતે પ્રાપ્ય એવી વસ્તુઓ જેવી લાકડી, પથ્થર, રેતી, કચૂકા, બિયાં, ફોતરાં, પાંદડાં, ફૂલ, વાટકી, ગ્લાસ, પાણીની બોટલ, ઢાંકણાં, જૂનાં છાપાં જેવી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે.

આંગણવાડીમાં પૂર્વપ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમ અનુસાર એપ્રિલ માસની થીમ-કપડાં, ફળ અને પાણીનું પુનરાવર્તન વિષય અંતર્ગત બાળકોને પ્રશ્નોત્તરી દ્વારા ચર્ચા, અભિનયગીત, બાળગીત, ઉખાણાં, જોડકણાં, બાળવાર્તા તેમજ ચાર જૂથની વર્ગખંડની અંદરની મુક્ત રમત, સર્જનાત્મક પ્રવૃત્તિ, સંકલ્પના અને બાલવાટિકા સજ્જતાની પ્રવૃત્તિ, મેદાનની રમતો વગેરે જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. દૈનિક સમયપત્રક મુજબ થતી આ તમામ પ્રવૃત્તિઓ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ એટલે કે, બૌદ્ધિક, શારીરિક, ભાષાકીય, સામાજિક-ભાવનાત્મક અને સર્જનાત્મક વિકાસ થાય છે.

આંગણવાડીમાં બાળકોને રમત-ગમતની આવી પ્રવૃત્તિઓ કરવી ખુબ જ ગમતી હોય છે, જેના દ્વારા બાળકો હસતા-રમતા ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે અને બાળકોને આગળના ભવિષ્ય માટે તૈયાર કરે છે. આવી ખૂબ સરાહનીય અને સુંદર કામગીરી થઇ રહી છે.



પાણીનો રંગ, આકાર, સ્વાદ



પાણીમાં શું ઓગળે- ન ઓગળે









પાણીમાં શું તરે - ડૂબે



ગંદું પાણી અને ચોખ્ખા પાણીનો પ્રયોગ

# આંગણવાડી કેન્દ્રની પ્રશંસનીય કામગીરી



વાલી પરામર્શન




વેશભૂષા હરીફાઈ

સમુદાયનું એક પણ બાળક પાયાના શિક્ષણથી વંચિત ના રહે અને તમામને બાળકોને શીખવાની સમાન તક મળે તે માટે નેશનલ એજ્યુકેશન પોલિસી, ૨૦૨૦ માં સમાવેશી શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

સંકલિત બાળવિકાસ સેવા યોજના, મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા જિલ્લા અને ઘટકના તમામ પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર અને તમામ આંગણવાડી કાર્યકરમાં આ બાબતે સંવેદનશીલતા કેળવાય તે હેતુસર "સમાવેશી આંગણવાડી" ની તાલીમ આપવામાં આવી છે. આમ તાલીમબદ્ધ, સંવેદનશીલ આંગણવાડી કાર્યકર દ્વારા દિવ્યાંગતાની ઓળખ કરી સંદર્ભ સેવાઓનો લાભ આપી બાળકનો આંગણવાડીમાં સમાવેશ કરવામાં આવે છે.

અમરેલી જિલ્લાના ઘટક- અમરેલી-૧, સેજો- અમરેલી-૨, આંગણવાડી કેન્દ્ર- ૧૬૬માં આંગણવાડી કાર્યકર નયનાબેન પંડ્યા દ્વારા આવી જ એક સરાહનીય કામગીરી થયેલી છે. ગિરિરાજ સોસાયટીમાં રહેતી ૪ વર્ષની રીવા આવટેનો વિકાસ વિલંબિત હતો એટલે તેના વાલી તેને આંગણવાડીમાં મોકલતાં સંકોચ અનુભવતાં હતાં.


પૂર્વપ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિમાં સામેલ


બાળક સાથે વાર્તાલાપ

તેથી પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર પૂજાબેન મહેતા અને આંગણવાડી કાર્યકર દ્વારા બાળકના વાલીની મુલાકાત લઇ બાળકની દિવ્યાંગતા વિશે જાણકારી મેળવી. ત્યારબાદ, મમતા દિવસે તેની આરોગ્ય તપાસ કરાવવામાં આવી. તેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રિફર કરી સારવાર ચાલુ કરવામાં આવી.

બાળકના વાલીની મુલાકાત દરમ્યાન આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષનાં બાળકોને અપાતા પૂર્વપ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ સમજાવી બાળકોને કરાવાતી પ્રવૃત્તિ વિશે જાણકારી આપી. બાળકને આંગણવાડી કેન્દ્રમાં નિયમિત મોકલવા માટે સમજાવવામાં આવ્યા. બાળકને આંગણવાડીમાં લઈને આવતા થયા. આંગણવાડી કાર્યકર બહેન દ્વારા બાળકોના સર્વાંગી વિકાસલક્ષી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી સામાન્ય બાળકોની સાથે આ બાળકને પણ પ્રવૃતિઓમાં સામેલ કરવામાં આવ્યું. સાથે સાથે આ બાળક પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. જેથી તે બાળકના બોલવામાં અને શીખવામાં ઘણો સુધારો આવ્યો છે.

પ્રોજેક્ટ “ પા પા પગલી” અંતર્ગત પ્રિ-સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર અને આંગણવાડી કાર્યકર દ્વારા કરવામાં આવેલી સુંદર કામગીરીની ફળશ્રુતિરૂપે બાળક આંગણવાડીમાં નિયમિત આવતું થયું છે તેમજ સામાન્ય બાળકો સાથે તમામ પ્રવૃતિઓમાં સામેલ થાય છે.

# આંગણવાડીમાં નવીનતમ પહેલ





**માચીસ બોક્ષના ઉપયોગથી ચાર્ટમાં સ્વયં હાજરી દર્શાવતા બાળકો**

આંગણવાડીમાં અપાતા અનૌપચારિક પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે નોંધાયેલાં ૩ થી ૬ વર્ષનાં બાળકો આંગણવાડીમાં સમયસર અને નિયમિત આવતાં થાય અને સર્વાંગી વિકાસની તમામ પ્રવૃત્તિમાં ભાગ લેતાં થાય તે ખૂબ જરૂરી છે. વાલી અને જનસમુદાયમાં જાગૃતતા લાવવા તેમજ બાળકોના પાયાના શિક્ષણને વધુ સુદૃઢ કરવા માટે નવીન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેમાં જુદા જુદા જિલ્લાઓમાં આંગણવાડીને "પૂર્વ પ્રાથમિક શિક્ષણના કેન્દ્ર" તરીકે આગવું સ્થાન અપાવવા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.

બાળકો આંગણવાડીમાં ન આવે તો તેઓ પાયાના શિક્ષણથી વંચિત રહી જાય, બાલવાટિકા સજ્જતા ન કેળવાય અને તેઓ શાળાએ જવા માટે પણ સજ્જ થતાં નથી. બાળકો તેમના જીવનમાં પાયાનાં વર્ષોમાં થતા વિકાસમાં પાછળ રહી ન જાય તે માટે આંગણવાડીમાં નિયમિત અને સમયસર આવે તે ખૂબ જરૂરી છે.

**૩ થી ૬ વર્ષ બાળકોની હાજરી સરેરાશ ૫૩% થી ૫૭% હતી, જે વધીને સરેરાશ ૮૬% થી ૯૦% હાજરી થઈ છે**

બાળક આંગણવાડીમાં આવે ત્યારે પોતાની હાજરી જાતે ભરે તે માટે પૂંઠા પર રંગીન કાગળ લગાવી તેમાં માચીસના અલગ અલગ બોક્સ પર બાળકોના વ્યક્તિગત ફોટા લગાવ્યા છે, જેમાં બાળક પોતાનું બોક્સ ખોલી પોતાની હાજરી દર્શાવે.

આંગણવાડીમાં બાળક પોતાની હાજરી જાતે દર્શાવે તે માટે બીજી એક પદ્ધતિમાં બોર્ડ પર બાળકોના વ્યક્તિગત રંગબેરંગી પોકેટ બનાવી, તેના પર બાળકોના ફોટા લગાવી, બાજુમાં બીજી એક ટોપલીમાં સ્ટિક પર પણ બાળકોના ફોટા લગાવેલા છે. બાળક આંગણવાડી પર આવી પહેલાં પોતાના ફોટાવાળી સ્ટિક શોધી ફોટાવાળા પોકેટમાં જાતે મૂકી પોતાની હાજરી દર્શાવે.









**પોતાના ફોટોવાળી સ્ટિક મૂકી સ્વયં હાજરી દર્શાવતાં બાળકો**

બાળકોની હાજરી માટે આંગણવાડી કાર્યકરબહેન રજિસ્ટરમાં બાળકોની હાજરી ભરે છે, પરંતુ બાળકને ખબર પડે કે, હું આજે આંગણવાડીમાં હાજર છું અને મારી હાજરીની પણ નોંધ લેવાય છે. મારે પણ નિયમિત આંગણવાડીમાં જવાનું છે. બાળકોની હાજરી પૂર્ણ થયા બાદ કાર્યકર બાળકો સાથે પરસ્પર ચર્ચા કરાવે છે કે આજે કોણ હાજર છે? અને કોણ ગેરહાજર છે? જેથી બાળક પરસ્પર એકબીજાનો પરિચય કેળવી એકબીજાને ઓળખતાં અને સંવાદ કરતાં થયાં અને બાળકો સમયસર અને નિયમિત આંગણવાડીમાં આવતાં થયા છે.

આ નવીનતમ પહેલ સુરત ઝોનના જિલ્લા-સુરત ગ્રામ્યના આંગણવાડી કેન્દ્ર- રૂઢવાડા, વડોદરા ઝોનના જિલ્લા- પંચમહાલના આંગણવાડી કેન્દ્ર- નવાકૂવામાં તેમજ વડોદરા કોર્પોરેશનના ૧૯૪ આંગણવાડી કેન્દ્રોમાં આ પ્રકારની નવીન પહેલ હાથ ધરવામાં આવી છે.

જેની ફલશ્રુતિરૂપે અગાઉ નોંધાયેલાં ૩ થી ૬ વર્ષ બાળકોની હાજરી સરેરાશ ૫૩% થી ૫૭% હતી, જે વધીને સરેરાશ ૮૬% થી ૯૦% હાજરી થઈ છે. આંગણવાડી કેન્દ્રની લોકપ્રિયતામાં વધારો થયો છે. આવા નવતર પ્રયોગ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસનો પાયો મજબૂત બની રહ્યો છે.

# સંકલ્પ ડિસ્ટ્રિક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના

## સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજનાનું વિતરણ કરેલું છે-નવસારી





જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી નવસારી અંતર્ગત સંકલ્પ-ડિસ્ટ્રિકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન યોજના હેઠળ ગામનાં છેવાડાના લોકો સુધી વિવિધ યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરી સરકારશ્રીની યોજનાનો લાભ અપાવવામાં આવેલ છે.

સંકલ્પ-ડિસ્ટ્રિકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન ટીમ દ્વારા વાસદા તાલુકાનાં ગામોમાં ડોર ટુ ડોર ગૃહ મુલાકાત કરવામાં આવેલી. ગૃહ મુલાકાત દરમિયાન સામાજિક ન્યાય અને અધિકારિક્તા વિભાગ હેઠળના સમાજ સુરક્ષા ખાતાની સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના અંતર્ગત રૂ. ૫૦૦૦/-ની મળતી સહાય વિશે પરિવારના લોકોને માહિતી આપવામાં આવેલા. કુટુંબમાં સ્ત્રી-પુરુષનું મૃત્યુ થયેલું હોય તેવા કુલ-૯ પરિવારના સભ્યોને સહાય મેળવવા માટે ફોર્મ ભરાવવામાં આવેલાં. સમાજ સુરક્ષા કચેરી સાથે સંકલન કરી રૂ.૫૦૦૦/-ની સહાય અપાવવામાં મદદ કરવામાં આવનાર છે.

## સર્વાઇકલ કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમ



માનનીય પ્રાંત અધિકારીશ્રીના દિશાનિર્દેશ તથા જિલ્લા મહિલા અને બાળઅધિકારીશ્રીના માર્ગદશન હેઠળ "સંકલ્પ" ડિસ્ટ્રિકટ હબ ફોર એમ્પાવર્મેન્ટ ઓફ વુમન-રાજકોટના સ્ટાફ દ્વારા ૦૩/૦૫/૨૦૨૫ના રોજ SBI- રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ સેન્ટર-રાજકોટ ખાતે તાલીમ લેતી કુલ ૪૦ બહેનો માટે સર્વાઇકલ કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામા આવેલું.

સદર કાર્યક્રમમા સર્વાઇકલ કેન્સરનાં લક્ષણો, તેની સામે રક્ષણ મેળવવા ધ્યાનમાં રાખવા જેવી બાબતો તથા કેન્સર થવાનાં કારણો વિશે વીડિયો બતાવી તથા IEC વિતરણ કરી સમજૂતી આપવામાં આવેલા તથા HPV રસી કોણ મુકાવી શકે તે અંગે વિગતવાર માહિતી આપવામા આવેલી.

**સર્વાઇકલ કેન્સર એટલે શું અને કેન્સર થવાનાં કારણ ?**

સર્વાઇકલ કેન્સર મહિલાઓના ગર્ભાશયમાં થાય છે. આ કેન્સર હ્યુમન પેપિલોમા વાઇરસ (એચપીવી)ના ચેપ સાથે સંકળાયેલું છે, જે જાતીય રીતે સંક્રમિત ચેપ છે.

**સર્વાઇકલ કેન્સરનાં લક્ષણો :**

- અસામાન્ય બ્લિડીંગ તથા પેલ્વિસમાં દુખાવો
- દુર્ગંધવાળું વજાઇનલ ડિસ્ચાર્જ તથા પેશાબ અને શૌચ કરવામાં મુશ્કેલી
- થાક લાગવો અને વજનમાં ઘટાડો

ઉપર દર્શાવ્યા મુજબનાં લક્ષણો જણાય ત્યારે તાત્કાલિક ડોક્ટરની મુલાકાત લેવાની સમજ આપવામાં આવેલી.

**HPV રસીનુ કાર્ય તથા રસી કોણ લઈ શકે ?**

- HPV રસી લગભગ બધા જ પ્રકારના સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ આપે છે. શ્રેષ્ઠ પરિણામો માટે, વ્યક્તિ જાતીય રીતે સક્રિય બને તે પહેલાં રસી આપવામા આવે છે.
- આ રસી ૯ થી ૧૪ વર્ષની દીકરીઓને ૨ ડોઝ તથા ૧૫ થી ૨૬ વર્ષની દીકરીઓને ૩ ડોઝમા આપવામા આવે છે.

# ‘બેટી બચાવો, બેટી પઢાવો’ યોજના

## સાણંદ ખાતે બાલિકા પંચાયતનાં સભ્યોની તાલીમ કાર્યક્રમ





અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી હેઠળ કાર્યરત “સંકલ્પ” ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન યોજનાની ટીમ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત તાલુકા પંચાયત કચેરી સાણંદ ખાતે સવારે ૧૧:૦૦ કલાકે બાલિકા પંચાયતની સરપંચ અને ઉપસરપંચ દીકરીઓને પંચાયતીરાજ વ્યવસ્થા અને તેનાં કાર્યો અંગેની એક દિવસીય તાલીમ આયોજિત કરવામાં આવી હતી. જેમાં ૭૦થી વધુ સાણંદ તાલુકોનાં વિવિધ ગામોની બાલિકા પંચાયતની સરપંચ અને ઉપસરપંચ દીકરીઓ તેમજ આંગણવાડી કાર્યકર સહભાગી થયા હતા.

“સંકલ્પ” ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન ટીમે દીકરીઓને બાલિકા પંચાયતના હેતુ વિશે સરળ ભાષામાં સમજ આપવામાં આવેલી. બાલિકા પંચાયતના સરપંચ અને ઉપ સરપંચ તરીકેની કામગીરી અંગેની સમજ આપવામાં આવેલી તેમજ ગ્રામ પંચાયત કક્ષાએ રચવામાં આવેલી વિવિધ સમિતિઓ અને તેનાં કાર્યો વિશે ઊંડાણપૂર્વક માહિતી આપેલી. એક સરપંચ તરીકે બાલિકાઓએ ગામના વિકાસ માટે કરવાનાં થતાં કામ અને ભૂમિકાઓ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવેલી.

## બાલિકા પંચાયત દ્વારા “માસિક સ્વચ્છતા કોર્નર” ની નવતર પહેલ - રાજકોટ



જિલ્લા મહિલા અને બાળઅધિકારીની કચેરી-રાજકોટનાં ગોંડલ તાલુકાનાં દીકરી ગામ-પાટીદળની બાલિકા પંચાયતની દીકરીઓ અને સરપંચ, શાળાના શિક્ષકો, આંગણવાડી વર્કર બહેન, આરોગ્યનાં સ્ટાફ દ્વારા કન્યા શાળાની દીકરીઓ માટે “માસિક સ્વચ્છતા કોર્નર” શરુ કરવામાં આવ્યો છે. બાલિકા પંચાયતનાં સભ્યો દ્વારા નિયમિત બેઠક બોલાવવામાં આવે છે, આ કોર્નરમાં પ્લે કાર્ડ દ્વારા માસિકચક્ર વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. માસિકધર્મ દરમિયાન સ્વ-સ્વચ્છતા કેવી રીતે જાળવવી અને ચિત્રોના માધ્યમ દ્વારા આ સમયગાળા દરમિયાન શારીરિક અને માનસિક ફેરફારો અને ખોરાકની કાળજી કેવી રીતે રાખવી તેના વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. બુકલેટ દ્વારા માસિકધર્મના સમયગાળા દરમિયાન ગર્ભધારણ કેવી રીતે થાય તેના વિશે ચિત્રો દ્વારા વિસ્તૃત સમજુતી આપવામાં આવી છે, કિશોરાવસ્થાની ઉંમરે શરીરમાં વિવિધ ફેરફારો થતા હોય છે, માટે “માસિક સ્વચ્છતા કોર્નર” ની નવતર પહેલ દ્વારા કન્યાશાળાની ૭૦થી વધુ દીકરીઓ લાભ લઈ શકે છે, કન્યાશાળામાં બેન્ડિંગ મશીન પણ રાખવામાં આવ્યું છે.અને સેનેટરી નેપકીનની સુવિધા શાળાના “માસિક સ્વચ્છતા કોર્નર” માં રાખવામાં આવી છે.

## ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન-લીમખેડા

લીમખેડામાં 101 યુગલના સમૂહલગ્નમાં ગમ્મત સર્જાઈ

**4 સંતાનનો પિતા અપરિણીત પ્રેમિકા સાથે સમૂહલગ્નમાં પરણવા બેઠો**

**પત્ની માંડવે પહોંચતાં ભાંડો ફૂટ્યો, અભયમે સંસાર બચાવ્યો**

લીમખેડાના પાલ્લી ગામે ગુરુવારના રોજ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. અહીં સર્વજ્ઞાતિના ૧૦૧ જોડાં પ્રભુતામાં પગલાં પાડવા બેઠાં હતાં. પરંતુ તેમાંથી એક જોડામાં ૩૨ વર્ષીય યુવક પરીણિત હતો અને ૨૫ વર્ષીય યુવતી અપરીણિત હતી.આ બાબતની યુવકની પત્નીને જાણ થતાં તેણે ૧૮૧ મહિલા અભયમની મદદ માગી હતી. અભયમની ટીમ તાત્કાલિક પોલીસ પ્રોટેક્શન સાથે લગ્નના માંડવે પહોંચી હતી અને લગ્ન અટકાવી મહિલાનો સંસાર બચાવ્યો. પતિની આ હરકતની પત્નીને ભનક હતી પરંતુ તે પોતાનાં બાળકોનું વિચારીને બધું દુઃખ સહન કરતી હતી. પતિએ તો હદ જ વટાવી દીધી. પત્ની મજૂરીએ ગઈ અને પતિ લીમખેડાના સમૂહલગ્નમાં બીજા ફેરા ફરવા બેસી ગયો. અભયમની ટીમે તાત્કાલિક લગ્નના આયોજકો સાથે વાત કરી અને લગ્ન તુરંત અટકાવ્યાં હતાં. બાદમાં લગ્નઘેલા પતિને ઘરેલુ હિંસા અધિનિયમ અને ભરણપોષણ કલમ, ૧૨૫ સહિતની માહિતી આપી કાયદાનો પાઠ ભણાવ્યો. સમૂહલગ્નના આયોજન દિનેશભાઈ કોળીએ જણાવ્યું કે, બંને સામાજિક રીતરીવાજ મુજબ નક્કી થયાનું કહી રજિસ્ટ્રેશન કરાયું હતું.

## ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન-કતારગામ, સુરત

**181 મહિલા હેલ્પલાઈન કતારગામ ટીમ દ્વારા નિરાધાર દિવ્યાંગ મહિલાને રહેવા માટે આશ્રય અપાવેલ છે**



રાજ્યભરમાં મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમ ૨૪*૭ કામ કરી રહી છે. ત્યારે એક અજાણી વ્યક્તિ દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઇનમા કોલ કરી જણાવેલું કે એક પીડિત મહિલાને આશ્રયની જરૂર છે, જેથી તેમની મદદ કરો. આ માટે તાત્કાલિક કતારગામ ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ આપેલા સરનામે પહોંચી ગઇ હતી. ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમે સ્થળ પર હાજર મહિલા સાથે કાઉન્સેલિંગ કરતાં મહિલા દ્વારા કઈપણ પ્રતિસાદ મળ્યો નહોતો અને તેઓ દિવ્યાંગ છે જેનો એક પગ નથી. તેની ઉંમર આશરે ૩૫ વર્ષની છે. તેઓ સવારથી ઉધના બી.આર.ટી.એસ બસ સ્ટેશન પાસે બેઠાં હતાં એવું જાણવા મળેલું. ત્યારબાદ ૧૮૧ અભયમની ટીમે આજુબાજુમાં પૂછપરછ કરી પરંતુ પીડિતા મહિલાના કોઈ વાલી વારસ મળી ન આવતા ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમ દ્વારા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવેલી. ત્યારબાદ ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમ દ્વારા મહિલાને નજીકના વૃદ્ધાશ્રમમાં હાલમાં આશ્રય અપાવેલો છે. તથા તેના પરિવારની શોધખોળ ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા કરવામાં આવી રહી છે.

# વન સ્ટોપ સેન્ટર યોજના

## આશ્રિત મહિલાઓ માટે કિચન ગાર્ડનની વ્યવસ્થા - અરવલ્લી



ગુજરાત રાજ્યમાં લોકોને પ્રાકૃતિક ખેતી કરવા અને મહામહીમ માન. રાજ્યપાલશ્રીની પ્રેરણાથી રાજ્ય સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ કાર્યક્રમમાંથી પ્રેરણા મેળવી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફ દ્વારા કિચન ગાર્ડન બનાવવામાં આવ્યું છે.

કિચન ગાર્ડન કોઈપણ પ્રકાર રાસાયણિક કે દવાવાળાં બિયારણોનો ઉપયોગ કર્યા વગર અનેક ફળ ફળાદિનું વાવેતર કરવામાં આવે છે. તેના ઉત્પાદન દ્વારા વન સ્ટોપ સેન્ટર પર આશ્રય મેળવી રહેલી બહેનોને રસોઈ બનાવી પીરસવામાં આવે છે.

આ ઉપરાંત, આશ્રિત બહેનો માટે મિનિ ગાર્ડન પણ બનાવવામાં આવેલું છે. જ્યાં સ્ટાફના કર્મચારી દ્વારા જરૂરિયાતવાળાં બહેનોને ખુલ્લી જગ્યામાં વિહાર કરી શકે. આશ્રય માટે આવનાર બહેનો, દીકરીઓ ને એકદમ ઘર જેવું જ નૈસર્ગિક વાતાવરણ પૂરું પાડવાનું ઉત્તમ કામ કેન્દ્ર કરી રહ્યું છે.

## એક નિરસ જીવનમાં આશાનો પ્રેરણાસ્રોત - સખી વન સ્ટોપ સેન્ટર, પાટણ



સુરેન્દ્રનગર જિલ્લાના એક ગામની આશરે ૩૦ વર્ષીય એક મહિલા, જે જીવનની મુશ્કેલીઓથી ત્રસ્ત થઈ, આત્મહત્યા જેવા નિર્ણય સુધી પહોંચી ગઈ હતી. પોતાની બંને સગીર દીકરીઓ સાથે ઘર છોડીને અણજાણ્યા માર્ગે નીકળી ગયેલી આ મહિલા આખરે પાટણના "સખી વન સ્ટોપ સેન્ટર" પહોંચ્યા બાદ, જેમનું જીવન ફરીથી સ્થિરતા અને આશા તરફ વળ્યું છે.

**પરિસ્થિતિની પૃષ્ઠભૂમિ :**

આ મહિલાનાં લગ્ન આશરે ૧૨ વર્ષ પહેલાં 'સાટા'માં થયાં હતાં. લગ્નની શરૂઆતમાં પતિ વ્યવહારિક હતા. લગ્નના થોડા સમય બાદ તેમના વર્તનમાં નકારાત્મક પરિવર્તન આવ્યાં. પતિ વારંવાર માર મારતા અને કોઈપણ જવાબદારી વહન કરતા નહોતા. દીકરીઓના જન્મ બાદ પણ તેમની પરિસ્થિતિમાં સુધારો ન થયો. છેલ્લાં દસ વર્ષથી બહેન પિયર રહેતાં હતાં. તેમનાં માતા-પિતાની આર્થિક પરિસ્થિતિ અત્યંત કઠિન હતી.

આર્થિક તંગી, માનસિક તણાવ અને જીવનથી થાકેલા મનથી તેઓ દીકરીઓ સાથે ઘર છોડીને ગમે ત્યાં ભટકતાં હતાં. આખરે પાટણ બસ સ્ટેશન નજીક કોઈ સંવેદનશીલ વ્યક્તિ દ્વારા તેમને "સખી વન સ્ટોપ સેન્ટર"નું માર્ગદર્શન મળ્યું.

**સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા કરવામાં આવેલી દરમિયાનગીરી :**

મહિલાને અને તેમની દીકરીઓને સેન્ટર ખાતે તાત્કાલિક આશ્રય, ખોરાક અને જરૂરી સવલતો પૂરી પાડી તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવેલું. શરૂઆતમાં મહિલા સતત રડતાં હતાં અને અત્યંત નકારાત્મક વાતો કરતાં હતાં. સ્ટાફે તેમને સાંત્વના આપીને ધીરેધીરે તેમની સ્થિતિ સુધારવાની કોશિશ કરી.

મહિલા પાસે માતા-પિતાનો સંપર્ક નંબર ન હોવાથી, મીડિયા અને અન્ય સંસાધનો દ્વારા તેમના પરિવારનો સંપર્ક સાધવામાં આવ્યો. માતા-પિતા પાટણ પહોંચ્યા અને દીકરીને સુરક્ષિત જોઈ અત્યંત ભાવુક બન્યાં. તેઓએ જણાવ્યું કે દીકરી ગુમ થઇ ગયાની ફરિયાદ તેમણે અગાઉ નોંધાવી હતી અને સતત શોધ કરતાં હતાં.

**કાઉન્સેલિંગ દરમિયાન મહિલામાં આવેલ પરિવર્તન :**

સખી સેન્ટરના સતત કાઉન્સેલિંગ બાદ મહિલાની નજરે દુનિયા બદલાઈ. હવે તેણે જીવન સામે સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવ્યો છે. તેમણે સ્વીકાર્યું કે તેમનો નિર્ણય અયોગ્ય હતો અને હવે દીકરીઓના ભવિષ્ય માટે સંઘર્ષ કરવાની તૈયારી બતાવી છે. દીકરીઓ પણ હવે માતા સાથે સલામત જીવન જીવવા તૈયાર થઈ છે.

**પરિણામ :**

આ સમગ્ર પ્રકરણનો અંત સકારાત્મક રહ્યો. મહિલાનાં માતા-પિતાએ "સખી" વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો અને દીકરીના ભવિષ્ય માટે યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપી.

# મહિલા સહાયતા કેન્દ્ર યોજના

## પતિ અને સાસુ દ્વારા આપવામાં આવતા ત્રાસમાંથી મુક્તિ અપાવતું મહિલા સહાયતા કેન્દ્ર




ગેરહાજરીમાં પરિણીતા બહાર ના નીકળે તે માટે પતિ અને સાસુ ઘરમાં પૂરી બહાર દરવાજે તાળું મારી ખેતરે જતા રહેતા

બનાસકાંઠા જિલ્લામાં મહિલા સહાયતા કેન્દ્ર પર મદદ માટે આવેલી એક મહિલાએ જણાવેલું કે તેમનાં લગ્ન વીસ વર્ષ અગાઉ સમાજના રીત-રિવાજ મુજબ થયેલાં છે. અરજદારના પતિ અને સાસુ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. અરજદાર મહિલા પતિ અને સાસુની ગેરહાજરીમાં ઘરની બહાર ન નીકળે એ માટે તેઓ દરવાજે તાળું મારીને ખેતરે જતાં હતાં. પતિ દ્વારા અરજદારને જાતીય સુખ પણ આપવામાં આવતું ન હતું. જેથી અરજદાર મહિલા લગ્નજીવન દરમિયાન દસ વખત રિસાઇને પિયર જતાં રહેલાં. દર વખતે સમાજની રાહે સમાધાન કરીને સાસરીમાં પરત ફરતાં હતાં. છતાં તેમનાં પતિના વ્યવહારમાં કોઈ સુધાર થયેલો ન હતો,જેથી મહિલા મદદ માટે મહિલા સહાયતા કેન્દ્ર પર આવેલાં હતાં.

મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દ્વારા અરજદાર મહિલાની અરજી લેવામાં આવેલી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી. કાઉન્સેલર દ્વારા અરજદાર સાથે વ્યક્તિગત મિટિંગ કરી કાઉન્સેલિંગ કરેલું, ત્યારબાદ તેનાં સાસુ અને પતિને સેન્ટર પર બોલાવી, જૂથ મિટિંગ કરવામાં આવેલી. કાઉન્સેલિંગ દરમિયાન કાયદાકીય માહિતી આપવામાં આવેલી. વારંવારની મિટિંગો બાદ પતિને તેમની ભૂલ સમજાતા તેમણે જણાવેલ કે તે પત્નીને ત્રાસ નહીં આપે અને સુખશાંતિથી રાખશે. આમ બંને પક્ષની સહમતિથી સુખદ સમાધાન કરવામાં આવેલું.

સમાધાન બાદ મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દ્વારા અરજદાર મહિલા સાથે ટેલિફોનિક ફોલોઅપ કરતાં જાણવા મળેલું કે હાલ અરજદારને કોઈ સમસ્યા નથી અને પતિ સારી રીતે વ્યવહાર કરે છે.

## માતા પિતા અને પુત્રના વણસી ગયેલા સંબંધોને ફરી જીવંત કરતું મહિલા સહાયતા કેન્દ્ર




મહેસાણા જિલ્લાના મહિલા સહાયતા કેન્દ્ર પર આવેલી એક અરજીમાં પુરુષ અરજદારે જણાવેલ કે તેને તેનાં માતાપિતા દ્વારા શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવે છે. અરજદારના પ્રથમ લગ્નથી છૂટાછેડા થયેલા અને હાલ બીજાં લગ્ન હતાં. અરજદારનાં માતાપિતા દ્વારા તેમની પાસે લગ્નનો ખર્ચ માંગવામાં આવતો અને હાલનાં પત્નીને પણ દહેજ બાબતે હેરાનગતિ કરી ઘરમાંથી કાઢી મૂકવામાં આવતાં. ઉપરાંત, અરજદારનાં કામનાં સ્થળે પણ ટેલિફોનિક અપશબ્દો બોલતાં તથા ધમકીઓ આપતાં. જેનાથી કંટાળીને અરજદાર તથા તેનાં પત્નીને પોતાનાં જીવનનો અંત લાવવાના વિચારો આવતા હોવાથી તેઓ સેન્ટર પર મદદ માટે આવેલાં.

મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દ્વારા અરજી લેવામાં આવેલી અને અરજદાર પુરુષનું કાઉન્સેલિંગ કરવામાં આવેલું. ત્યારબાદ તેનાં માતાપિતાને પણ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવેલાં. કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળેલું કે અરજદારનાં લગ્ન વખતે લોન કરીને પૈસા આપેલા હતા, જે બાબતે હપ્તાવાળા ઘરે આવતા હોય, જેનાથી તેઓને પણ માનસિક હેરાનગતિ થતી હતી અને અરજદાર તેમનાં એકમાત્ર પુત્ર હોવાથી આશા હતી કે તેઓ કામકાજ કરી આ લોન પૂર્ણ કરે. પરંતુ અરજદાર કોઈ કામધંધો કરતા ન હતા. જેથી માતાપિતાએ જણાવેલું કે અમે ખર્ચ કરેલા પૈસા અમને પરત કરીને સંબંધો પૂર્ણ કરી દે. બંને પક્ષોને સાંભળી અને કાઉન્સેલિંગ કરવામાં આવેલું. વારંવાર કરવામાં આવેલા વ્યક્તિગત અને જૂથ મિટિંગનાં અંતે બંને પક્ષોની સહમતિથી લોનના ચુકવણાં બાબતે સર્વેની સહમતીથી સુખદ સમાધાન કરવામાં આવેલું, આમ, મહિલા સહાયતા કેન્દ્રની દરમિયાનગીરીથી પુત્ર અને માતાપિતા વચ્ચે પૈસાનાં કારણે ઉદ્‌ભવેલી સમસ્યાનું નિરાકરણ કરવામાં આવેલું.

મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર દ્વારા ટેલિફોનિક ફોલોઅપ કરેલ, જે દરમિયાન જાણવા મળેલુ કે હાલ અરજદારને કોઈ તકલીફ નથી અને માતાપિતા દ્વારા કોઈ હેરાનગતિ નથી.

# જેન્ડર રિસોર્સ સેન્ટરની તાલીમવિષયક કામગીરી



જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા  એપ્રિલ, ૨૦૨૫ માસમાં કુલ 03 તાલીમો કરવામાં આવી. જેમાં કુલ 150 તાલીમાર્થીઓ સહભાગી થયા હતા.

આ તાલીમમાં મુખ્યસેવિકા, , જેમાં, જુનાગઢ કોર્પોરેશન, રાજકોટ રૂરલ અને સુરત જિલ્લાની મુખ્યસેવિકા બહેનો સાથે “જાતિગત સંવેદનશીલતા અને આંગણવાડી સેવા યોજના” અંગે પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું”. મુખ્યત્વે સોશિયલ મીડિયા અને પ્રચાર-પ્રસાર નીતા એપ્લિકેશન અને બાંધકામની લગતી બાબતો, WASH અને ન્યુટ્રિશનનું જોડાણ, નાણાકીય ખર્ચના નિયમો, GENERAL CONDITION OF SERVICES 2002, એથ્રોપ્રોમેટિક સિસ્ટમ મેનેજમેન્ટ, THR સપ્લાય સિસ્ટમ અંગે માર્ગદર્શન અને આંગણવાડી મુલાકાતની ઓન  એન્ટ્રી પોષણની યોજના THR ડિમાંડ અને સપ્લાય અને માર્ગદર્શન, AVT PORTAL, જાતિગત ભેદભાવ, જાતિગત સમાનતા વગેરે જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

# જાતિગત સંવેદનશીલતા અને આંગણવાડી સેવા યોજના વિષય પર તાલીમ




જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા  મે, ૨૦૨૫ માસમાં કુલ 11 તાલીમો કરવામાં આવી. જેમાં કુલ 425 તાલીમાર્થીઓ સહભાગી થયા હતા.

આ તાલીમમાં મુખ્યત્વે ડિસ્ટ્રિક અને સેશન કોર્ટ અમદાવાદ ગ્રામ્ય તથા સિટી સિવિલ કોર્ટના જજશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ, મુખ્યસેવિકા સાથે તાલીમ કરવામાં આવી હતી.

જેમાં, જૂનાગઢ કોર્પોરેશન,રાજકોટ રૂરલ અને સુરત જિલ્લાની મુખ્યસેવિકા બહેનો સાથે “જાતિગત સંવેદનશીલતા અને આંગણવાડી સેવા યોજના અંગે પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું” જેમાં મુખ્યત્વે વિષયો સોશિયલ મીડિયા અને પ્રચાર પ્રસાર નીતા એપ્લિકેશન અને બાંધકામની લગતી બાબતો, WASH અને ન્યુટ્રિશનનું જોડાણ, નાણાકીય ખર્ચના નિયમો, GENERAL CONDITION OF SERVICES 2002, એથ્રોપ્રોમેટિક સિસ્ટમ મેનેજમેન્ટ, THR સપ્લાય સિસ્ટમ અંગે માર્ગદર્શન અને આંગણવાડી મુલાકાતની ઓન  એન્ટ્રી પોષણની યોજના THR ડિમાંડ અને સપ્લાય અને માર્ગદર્શન, AVT PORTAL, જાતિગત ભેદભાવ, જાતિગત સમાનતા વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC) તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સહયોગથી ગુજરાત રાજ્યના તમામ કોર્ટ સ્ટાફ માટે 5 ઑક્ટોબર, 2024 ના રોજ "એહસાસ ન્યાયકા સબકે લિયે" નામનો વર્ષભર જેન્ડર સેન્સિટાઇઝેશન પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પહેલના અંતર્ગત જિલ્લાના જજશ્રીઓ, ડિસ્ટ્રિક અને સેશન કોર્ટ અમદાવાદ ગ્રામ્ય ,સિટી સિવિલ  કોર્ટના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓં સાથે અલગ-અલગ બેચમાં જાતિગત સંવેદનશીલતા, POSH act, તેમજ Dignified Attitude and Workplace Inclusivity પર વિષય ઉપર મે માસમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.જે પૈકીની કુલ ૧૧ બેચની તાલીમ પૂર્ણ કરવામાં આવેલ છે.

# "અહેસાસ ન્યાય કા સબ કે લીયે" અંતર્ગત કોર્ટના જજશ્રી અને કર્મચારીઓની તાલીમ







જેન્ડર રિસોર્સ સેન્ટર દ્વારા જૂન, ૨૦૨૫ માસમાં કુલ 12 તાલીમો કરવામાં આવી. જેમાં કુલ 550 તાલીમાર્થીઓ સહભાગી થયા હતા.

આ તાલીમમાં મુખ્યત્વે ડિસ્ટ્રિક્ટ અને સેશન કોર્ટ અમદાવાદ ગ્રામ્ય તથા સિટી સિવિલ કોર્ટના જજશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગીક વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીગણ તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી અને કર્મચારીગણ સાથે તાલીમ યોજવામાં આવી હતી.

જેન્ડર રિસોર્સ સેન્ટર (GRC) તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યની તમામ અદાલતોના સ્ટાફ માટે 5 ઑક્ટોબર, 2024 ના રોજ "એહસાસ ન્યાયકા સબકે લિયે" નામનો જેન્ડર સેન્સિટાઇઝેશન પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યા છે. આ પહેલ અંતર્ગત જિલ્લાના જજશ્રીઓ, ડિસ્ટ્રિક્ટ અને સેશન કોર્ટ અમદાવાદ ગ્રામ્ય, સિટી સિવિલ કોર્ટના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓં સાથે અલગ-અલગ બેચમાં જાતિગત સંવેદનશીલતા, POSH act, તેમજ Dignified Attitude and Workplace Inclusivity પર વિષય ઉપર જૂન માસમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.જે પૈકીની કુલ ૧૦ બેચની તાલીમ પૂર્ણ કરવામાં આવેલી છે.

"અહેસાસ ન્યાય કા સબકે લીયે" અંતર્ગત GRC દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગીક વિભાગના સંકલનમાં કોન્ફરન્સ હોલમાં GRCના પ્રતિનિધિશ્રી દ્વારા વિભાગના અધિકારી અને The Posh Act & Dignified attitude અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. GRC દ્વારા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદના સંકલનમાં માન. મેયરશ્રી, AMC ના અધ્યક્ષસ્થાને NHL મેડિકલ કોલેજ, અમદાવાદ ખાતે The PoSH Act અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.આ કાર્યક્રમમાં GRCના પ્રતિનિધિશ્રી દ્વારા AMC ના ૩૦૦ થી વધુ અધિકારી/કર્મચારીઓને The Posh Act & Dignified attitude અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## પોષણ પખવાડિયાની ઉજવણી બનાસકાંઠામાં કિશોરીઓએ વાનગી નિદર્શન અને પોષણ થાળી દ્વારા કરી પૂર્ણા દિવસની ઉજવણી



બનાસકાંઠા જિલ્લામાં સાતમા પોષણ પખવાડિયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવેના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. પાલનપુર, ભુતેડી, ચડોતર અને ચિત્રાસણી સહિતના આંગણવાડી કેન્દ્રોમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કિશોરીઓએ વાનગી નિદર્શન કર્યું હતું અને લાભાર્થીઓએ પોષણ અંગે શપથ લીધા હતા.

પોષણ થાળી થીમ અંતર્ગત કઠોળ, શાકભાજી અને ફળોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કિશોરીઓને પૂર્ણા શક્તિ પેકેટ આપવામાં આવ્યા હતા. વિવિધ વાનગીઓથી થતા લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પૂર્ણા દિવસની ઉજવણી દરમિયાન કિશોરીઓનું વજન, ઊંચાઈ, મેં અને હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી. કિશોરીઓએ રંગોળી ડેકોરેશન તૈયાર કર્યું હતું અને લાઈવ રસોઈ દ્વારા વાનગીઓની સમજ આપવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૮થી પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરે છે. આ કાર્યક્રમમાં સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા, બ્લોક એન.એમ.એમ સ્ટાફ, નર્સ, આશા વર્કર, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## પોષણ પખવાડિયું - ૨૦૨૫ બનાસકાંઠા
## વાસણ, ભટામલ મોટી, સુરજપુરા, આંત્રોલી, મોરીયા, પારપડા, પખાણવા સહિતના આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ અભિયાનની ઉજવણી કરાઈ



જનસેતુ,તા.૨૪
માહિતી બ્યુરો, પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લા આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી ઉષાબેન ગજ્જરના નેતૃત્વમાં ચાલુ વર્ષે જિલ્લામાં ૭માં પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ હતી. જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો પર ધ્યાન કેન્દ્રિત કરવું, પોષણ ટ્રેકરમા લાભાર્થી મોડ્યુલનો પ્રચાર-પ્રસાર, સીએમએએમ મોડ્યૂલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન, બાળકોમાં સ્થુળતાને દુર કરવા માટે સ્વસ્થ જીવનશૈલી થીમ પર ધ્યાન કેન્દ્રિત કરીને જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે સગર્ભા-ધાત્રી માતાઓ-બાળકો તેમજ ગ્રામ્ય લોકોને પોષણ અંગે જાગૃતિ માટે પ્રયાસો હાથ ધરાયા હતા.

પોષણ અભિયાન અંતર્ગત વાસણ, ભટામલ મોટી, સુરજપુરા, આત્રોલી, મોરીયા, પારપડા, પખાણવા સહિત વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ હતી. આ ઉજવણીમાં કિશોરીઓ દ્વારા વાનગી નિદર્શન તેમજ લાભાર્થીઓએ પોષણ શપથ લીધા હતા. ચોથા મંગળવારના પૂર્ણા દિવસ ઉજવણીની થીમ-પોષણ થાળીમાં કઠોળ, શાકભાજી, ફળો તેમજ કિશોરીઓને પૂર્ણા શક્તિ પેકેટ, વિવિધ રેસીપી વાનગીઓથી થતા લાભો વિશે માર્ગદર્શિત કરાયા હતા. કિશોરીઓ દ્વારા રંગોળી ડેકોરેશન તૈયાર કરીને કિશોરીઓનું વજન, ઊંચાઈ, મેં કરવું, હિમોગ્લોબીનની તપાસ તથા લાઈવ રસોઈ દ્વારા વાનગીઓ વિશે સમજ અપાઈ હતી.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮ થી પોષણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. પોષણ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ભારત સરકાર દ્વારા દર વર્ષે માર્ચ-એપ્રિલ માસમાં જનજાગૃતિ માટે "પોષણ પખવાડીયા"ની ઉજવણી કરાય છે.

## આઈસીડીએસ, બોટાદ દ્વારા પોષણ સંગમ કાર્યક્રમના શુભારંભ અને અમલીકરણ માટે વર્કશોપ યોજાયો



બોટાદ

સંકલિત બાળ વિકાસ સેવા(આઈસીડીએસ), બોટાદ દ્વારા જિલ્લા પંચાયત ખાતે પોષણ સંગમ ([illegible]) કાર્યક્રમ અંતર્ગત [illegible] કાર્યક્રમના શુભારંભ અને અમલીકરણ માટેનો વર્કશોપ યોજાયો હતો.

કાર્યક્રમમાં ટેક હોમ રેશનમાંથી વિવિધ પૌષ્ટિક વાનગીઓ બનાવવામાં આવી હતી અને પૂર્ણા યોજના તેમજ રાજ્યની કચેરી તરફથી ફાળવેલ [illegible] પોષણ સંગમ કાર્યક્રમનું સાહિત્યના સ્ટોલ દ્વારા લોકોને માહિતી પૂરી પાડવામાં આવી હતી.

પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.હસીના મન્સૂરીએ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તેમણે સમુદાય આધારિત વ્યવસ્થાપન (C-MAM & EGF) ૧૦ પગલાનું મહત્વ તેમજ કુપોષણ વિશે જાણકારી આપી હતી. તેમણે પોષણ અંગેની જાગૃતતા તેમજ [illegible] કાર્યક્રમની અગત્યતાનું વ્યુહાત્મક આયોજન તેમજ બોટાદ જિલ્લાનાં ન્યુટ્રીશનલ સ્ટેટસ વિશે જાણકારી આપી સમગ્ર જિલ્લામાં પોષણ સંગમ કાર્યક્રમના શુભારંભ તથા અમલવારી અંગે વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ક્રિષ્ના ચેરૂનાનીએ CMAM & EGF પોષણ સંગમ કાર્યક્રમનું મહત્વ તેમજ પોષણ સંગમ મોબાઈલ એપ્લીકેશન બાબતે જાણકારી આપી હતી. ડેપ્યુટી કમિશ્નરશ્રી મનીષા પટેલ દ્વારા પોષણ સંગમ અને [illegible] કાર્યક્રમ વિશે ઉપસ્થિતોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વર્કશોપ/કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ભારતીબેન ધોળકીયા, તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ, તમામ મેડીકલ ઓફિસરશ્રીઓ, [illegible] તેમજ બોટાદ જિલ્લાના તમામ બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ, તમામ મુખ્યસેવિકાશ્રીઓ, પ્રોગ્રામ ઓફિસરશ્રીની કચેરીના તમામ કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદ જીલ્લા વિકાસ અધિકારી શ્રી સ્મિત લોઢાની નવીન પહેલ

### ૧૩,૫૨૯ કુપોષિત બાળકોનું સ્કીનીંગ કરી કુપોષણ મુક્ત કરવા આરોગ્ય અને ICDS વિભાગને આહ્વાન





જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢાના અધ્યક્ષ સ્થાને અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના આરોગ્ય અને ICDS શાખા હસ્તક ફરજ બજાવતા કર્મચારીઓ જેવા કે RBSK ડૉ, CDPO અને મુખ્ય સેવીકા icds, DISMU સ્ટાફ, બરોડા ઝોન કક્ષાના ન્યૂટ્રિશન કલ્શન્ટન્ટ દ્વારા જીવનમાં પોષણનું શું મહત્વ હોય છે, તે સમજાવવામાં આવ્યું હતું.

આ સાથે આવનાર સમયમાં તમામ બાળકોનું કુપોષણ બાબતે સમયસર જરૂરિયાત મુજબનું સ્કીનીંગ અને કાઉન્સેલિંગ કરવા સૂચના આપવામાં આવી હતી. તેમજ લાભાર્થીઓને તેના લાભ અને તેનું મહત્વ બધાને સમજાવવા સૂચન કરવામાં આવ્યું હતું. વધુમાં જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, આપણે સૌએ એક ટીમ બનીને કાર્ય કરવાનું છે અને બાળકનું ઉજ્વળ ભવિષ્ય બનાવવા માટેનું અગત્યનું કાર્ય કરવાનું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી શ્રી, અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી , તાલુકા હેલ્થ ઓફિસરશ્રી , જીલ્લા પ્રોગ્રામ ઓફિસર icds વિભાગ ,RBSK ડૉ ,CDPO, મુખ્ય સેવીકા, Nnm Dist Co. ordinator અને જીલ્લાના અન્ય કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## પૂરક આહાર અને વિટામીન ટેબ્લેટ આપવામાં આવશે
## રાજકોટના ૧૯૦૦ કુપોષિત બાળકોને સુપોષિત કરવા RMCએ ટીમો બનાવી

। રાજકોટ ।

રાજકોટના વિવિધ વિસ્તારમાં રહેતા પરિવારોના ૧૯૦૦ કુપોષિત બાળકોને પોષીત શ્રેણીમાં લાવીને તંદુરસ્ત બનાવવા માટે યોજના ઘડી કાઢવામાં આવી છે. મનપા દ્વારા ખાસ ટીમો બનાવીને આ બાળકોનું ટુ સ્ટેજમાં મોનિટરીંગ કરવામાં આવનાર છે. ૩૬૪ આંગણવાડીના વર્કરોને આ માટે હેલ્થની ટીમોસાથે કાર્યરત કરવામાં આવી રહ્યા છે.

DMC મનીષ ગુરવાનીએ કહયું હતું કે, અમે પૂરક આહાર અને જરૂરી દવાઓ આપીને બાળકોને કુપોષીતથી તંદુરસ્ત બનાવવા માટે આયોજન કર્યુ છે. અમારી આંગણવાડીના કાર્યકરો અને ફિમેલ હેલ્થ વર્કરો પ્રાથમિક રીતે કામગીરી કરશે અને તેની ઉપર મોનિટરીંગ કરવા માટે આરોગ્ય અને આઈ.સી.ડી. એસ.ના સુપરવાઈઝરો અને તબીબો કામે લાગશે. દરેક બાળકના વજન અને ઊંચાઈના નિયમીત રિપોર્ટ બનાવવામાં આવશે.આ માટે તાજેતરમાં બે દિવસનો વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. જયેશ વાંકાણી તેમજ અન્ય અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

૩૬૪ આંગણવાડીના વર્કરો અને ફિમેલ હેલ્થ વર્કરો દ્વારા મોનિટરીંગ



પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત સ્ટોલ બનાવી ૧૦ પગલાંઓ નિદર્શિત કરાયા કરવામાં આવેલ

## પાટણ રિજનલ સાયન્સ સેન્ટર ખાતે પોષણ સંગમનો વર્કશોપ યોજાયો

(હમન્યુઝ) પાટણ

રિજનલ સાયન્સ સેન્ટર, ચોરમારપુરા ખાતે જિલ્લા વિકાસ અધિકારી સી.એલ. પટેલની અધ્યક્ષતામાં પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત (EGF+CMAM) કાર્યક્રમના અમલીકરણ માટેનો વર્કશોપ યોજાયો. પોષણ સંગમ કાર્યક્રમ અંતર્ગત સ્ટોલ બનાવી ૧૦ પગલાંઓ નિદર્શિત કરવામાં આવેલ તેમજ દરેક પગલાં વિશે મુખ્ય સેવિકા દ્વારા વિસ્તૃત સમજ તેમજ આરોગ્ય વિભાગને લગત પગલાંઓની મેડિકલ ઓફિસર દ્વારા સમજ આપવામાં આવી હતી.

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર દ્વારા પોષણ સંગમ બાબતે પ્રેઝન્ટેશન દ્વારા પાટણ જિલ્લામાં ચાલી રહેલ કામગીરી, સકસેસ સ્ટોરી, કુપોષણ નિવારવા આયોજન અંગે જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ સ્ટેટ મિશન ડાયરેક્ટર દ્વારા પોષણ સંગમ કાર્યક્રમના અસરકારક અમલીકરણ બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સીડીપીઓ અને મુખ્યસેવિકાઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નો અને ખ્યાલો ને ચોકસાઈ તેમજ ઝીણવટ પૂર્વક સમજાવ્યા તેમજ ખાસ કરીને પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠા અને જવાબદારીથી કામગીરી કરવા અંગે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મિશન ડાયરેક્ટર જિગીષા પંડયા, પાટણ આઈ.સી.ડી.એસ., પ્રોગ્રામ ઓફિસર રંજનબેન શ્રીમાળી, આરસીએચઓ દિવ્યેશભાઈ ઉપરાંત અન્ય અધિકારી–કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આઈ.સી.ડી.એસ. ગુજરાત સરકાર | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | Towards a new dawn મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર



# પોષણ સુધા યોજના

## સહી પોષણ, દેશ રોશન

**માતાના ગર્ભમાં રહેલા શિશુ માટે તેમજ જન્મ બાદ તેને સ્તનપાન કરાવવા માટે માતાને આવશ્યક માત્રામાં પોષણની જરૂરિયાતને પહોંચી વળવા પોષણ સુધા યોજના**



- તમામ આદિજાતિ તાલુકામાં સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રમાં એક ટાઈમનું બપોરનું સંપૂર્ણ ભોજન
- પોષણ આરોગ્ય સંબંધિત કાઉન્સેલિંગ (પરામર્શ)
- આંગણવાડી કાર્યકરની હાજરીમાં આઈ.એફ.એ. (લોહતત્ત્વ) ગોળીનું સેવન
- દર મહિને પોષણસ્તરની ચકાસણી

સગર્ભાવસ્થાથી
શિશુ જન્મના
૬ મહિના સુધી

ટોલ ફ્રી નંબર: ૧૫૫૨૦૯

**આંગણવાડી કેન્દ્ર પરથી વિનામૂલ્યે લાભ આપવામાં આવે છે.**

44+4 Cover Total 50 Pages. Commissionerate of Women & Child Development, Block No. 20, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat.
Printed by: Government Photo Letho Press, Dudheswar Road, Ahmedabad.